

<u>પરિચય</u>

નામઃ ચીમન પટેલ 'ચમન'
અભ્યાસઃ M.S.(Civil /Struct)
ધંધોઃ નિવૃત્ત
વતનઃ કૈયલ (ઉ. ગુજરાત)

સર્વવિદ્યાલય કડીમાં ગાળેલા અભ્યાસનાં સાત વર્ષે જીવન ઘડતરમાં ઘણો ભાગ ભજવ્યો છે. જેને પરિણામે સંગીત, ચિત્રકલા, કસરત, સાહિત્ય વગેરેમાં રસ જાળવી શકાયો છે.

ભારતમાં આઠેક વર્ષ કામ કરી વધુ અભ્યાર્થે ૧૯૬૭માં હ્યુસ્ટન( ટેક્સાસ) આવ્યા ને આજ સુધીના એ વસવાટી છે.

૧૯૬૦ ગાળામાં બે વાર્તાઓ 'ચાંદનીમાં' અને એક વાર્તા 'નવવિધાન'માં પ્રગટ થઈ. હાસ્ય લેખોનું એમનું પુસ્તક 'હળવે હૈયે' ૧૯૯૭ બહાર પડ્યું ને હાસ્ય લેખક તરીકે લોકપ્રિય બન્યા.

અન્ય 'હોબી'માં નિયમિત યોગ ને ચાલવાનું, ક્યારેક ફોટોગ્રાફી, 'ચારકોલ' ચિત્રકામ, હળવી ફ્લૂટ ને 'કી બોર્ડ'થી 'સ્ટ્રેસ' હળવો કરી લે છે.

<u>સંપર્કઃ</u>
ટેલિફોનઃ ૨૮૧-૪૯૫-૬૫૩૪
'ઈ મેલ' : chiman_patel@hotmail.com
શિરનામુંઃ 12126 Wembley Dr.
Houston, TX 77031 (U.S.A.)

# ફૂલવાડી

આજથી આપણે નવો વિભાગ શરૂ કરીએ છીએ ' ફૂલવાડી '. એમાં પ્રસિધ્ધ કરવા માટે આપને પણ આપની કૃતિ મોકલી આપવા વિનંતિ છે.

## ચીમનભાઈ પટેલ 'ચમન'નાં પુષ્પો

(વાંચવા માટે કલીક કરો)

૧. બાગબાન કા બસેરા
૨. વરકન્યા સાવધાન
૩. આરએસવીપી(**RSVP**)
૪. રાંઢ્યા પહેલાંનું ડહાપણ
૫. દર્દ દિલવાલોં કે પાસ હી આયેગા

# બાગબાન કા બસેરા

ચીમન પટેલ 'ચમન'

દીકરાની વાતને ચંદ્રકાન્ત આ વખતે ટાળી ન શક્યો !

દીકરાએ પણ કેવી વાત કરીઃ ''ડેડી, હું જાણું છું કે તમે સ્વાવલંબી જીવન જીવવા માગો છો, પણ મારી બાના મૃત્યુ પછી તમે એકલા પડી ગયા છો. જ્યારે હું આ જ શહેરમાં ઘર લઈને રહેતો હોઉં તો તમને આ સ્થિતિમાં એપાર્ટમેન્ટમાં એકલા રહેવા કેમ દેવાય ! તમે અમારા ભાવિ માટે હિંમત કરી અમેરિકા આવ્યા. અમને સારું શિક્ષણ આપ્યું. અભ્યાસના વર્ષોમાં રજાઓમાં અમને નોકરી પણ ન કરવા દીધી કે જેથી અમે અભ્યાસમાં પાછા ન પડી જઈએ. અમારી નાની-મોટી માગણીઓને તમે પૂરી પાડી. આજે એ ઋણ અદા કરવાની અમને તક મળી છે ત્યારે એ અમે કેમ જતી કરીએ !''

ચંદ્રકાન્ત એકલો એકલો ડ્રૉઈંગરૂમમાં એના એકના એક દીકરા અશ્લેષના એ શબ્દોને યાદ કરતો આંટા મારતો હતો.

દરેક ભારતીય મા-બાપ અંદરથી ઈચ્છતાં હોય છે કે એમના દીકરાઓ ભણીગણી એમના જ શહેરમાં નોકરી મેળવી સ્થાયી થાય. ચંદ્રકાન્તની પણ એવી જ ઈચ્છા હતી અને એ ફળી પણ હતી.

ચંદ્રકાન્ત ભૂતકાળને યાદ કરી કરીને વિચાર્યે જતો હતો.

દીકરાના લગ્ન થયાને એકાદ વર્ષ થયું હશે કે એણે સામે ચડીને દીકરા અને પુત્રવધૂને વાત કરેલીઃ ''આજે મારે તમને એક વ્યવહારિક વાત કરવી છે. દીકરો પરણીને મા-બાપ સાથે રહે એ કોને ન ગમે ? સાથે સાથે, મા-બાપ સાથે કેટલું રહેવું એ પણ આજના જમાનામાં વિચારવા જેવું છે. અમે અમારા મા-બાપની સાથે ઘણાં વર્ષો ભેગાં રહ્યાં છીએ. એમાંથી અમને ઘણા કડવા મીઠા અનુભવો પ્રાપ્ત થયા છે. તમે બંને અમારી સાથે રહીને કડવા અનુભવોથી કરમાઈ જાવ તે પહેલાં મારે તમને સજાગ કરવા છે. તારી બા અને અંકિની વચ્ચે અત્યારે તો સુંદર મેળ છે. બંને સારી રીતે હસે બોલે છે. પણ, વાસણ ઘરમાં હોય તો કોક દી' ખખડવાના ! સમાજમાં જેમ બનતું આવ્યું છે તેમ ઘરની સ્ત્રીઓમાં કડવાશ પેદા થવાની જ છે. મારી ઈચ્છા છે કે એ કડવાશ આ ઘરમાં પ્રવેશે એ પહેલાં પાણી પહેલાં પાળ કેમ ન બાંધવી !

તમે બંને સારું કમાવ પણ છો. અત્યારે તમારે હરવા-ફરવાની ઉંમર છે. એકબીજાની વધારે નજીક જઈ અન્યોન્ય પૂરક બનવાનું છે. તમે બંને પાછા એમ ન માની લેતા કે હું તમને આ ઘરમાંથી કાઢવા તૈયાર થયો છું. સંયુકત કુટુંબમાં રહીને મેં જે ગુમાવ્યું છે તે તમે ન ગુમાવો એ જોવાની મારી ફરજ થાય છે. અત્યારે અમારી આર્થિક અને શારીરિક સ્થિતિ સારી છે એટલે અમે બંને એકલાં પણ રહી શકીશું. અમારાથી અલગ રહેવાથી તમને જવાબદારીનું ભાન વહેલું આવશે. બચત કરવાની તક વહેલી પ્રાપ્ત થશે. અલગ રહેવાથી આપણી વચ્ચેનો સબંધ અને પ્રેમ વધારે મજબૂત બનશે. લાંબા સમય સુધી ભેગા રહેવાથી મોડું વહેલું મનદુઃખ થવાનું જ છે. મન ને મોતીમાં એક વાર તિરાડ પડે પછી એને સાંધવી અઘરી છે. મને એ પણ ખબર છે કે તમે સામે ચાલીને જુદાં રહેવાની માગણી કરવાના નથી! એટલે જ આજે હું સામે ચાલીને આ વાત મૂકું છું. તમારી ઈચ્છા હોય એટલું અમારી સાથે તમે રહો. જે પળે તમને જુદાં થવાની ઈચ્છા થાય કે અમને

જણાવતાં અચકાશો નહિ. તમે આ બાબતમાં વિચાર કરી મને મૌખિક કે કાગળ પર ટપકાવીને જણાવશો તો મને ગમશે.''

પુત્ર કરતાં પુત્રવધૂને ચંદ્રકાન્તની આ વાત જલદી ગળે ઊતરી ગઈ !

પત્ની પડખે હતી ત્યાં સુધી ચંદ્રકાન્તને એની  રિટાયર્ડ જિંદગી એકલવાયી ન લાગી. પત્નીના અણધાર્યા અવસાન પછી એને આ એકલવાયી જિંદગી ઘણીવાર ગૂંગળાવી જતી હતી.એટલે જ દીકરાની વાત એને ગળે ઊતરી અને સ્વીકારી પણ લીધી.

એક દિવસ સાંજના બધાં ભેગાં મળી ટી.વી. જોતાં હતાં ત્યારે ચંદ્રકાન્તે ધીરેથી દીકરા આગળ વાત મૂકીઃ '' અશ્લેષ, મારે એક સારામાંના વૉકિંગ શૂઝ લાવવા છે.'' રવિવારના છાપામાંથી કાપી રાખેલી જાહેરખબરની કાપલી દીકરાના હાથમાં મૂકતાં એણે ઉમેર્યુ :''મારે તો આ'નાઈકી'ના એરવાળા લાવવા છે!''

જાહેર ખબરની કાપલી સામે જોતાં જ અશ્લેષ ચમકીને બોલ્યો : ''ડેડી, આ તો ૧૧૦ ડૉલરના શૂઝ છે !! આટલા મોંઘા શૂઝ ને તે પણ ચાલવા માટે ?''

''મોંઘા તો છે.'' સંમત થતાં ચંદ્રકાન્ત બોલ્યો. ''પણ, ક્વૉલિટીવાળા શૂઝ આવે છે. ચાલવામાં સારા પડે છે. હવે મારી ઉંમર થઈ એટલે સારા શૂઝ હોય તો પગને ઈજા થવાના ચાન્સ  પણ ઓછા. ''

''ચાલવા માટે સારા શૂઝ હોવા જોઈએ એ વાત સાથે હું સંમત થાઉ છું, પણ એ માટે 'નાઈકી'ના ઍરવાળા જ જોઈએ એ કંઈ જરૂરી છે ?''

પોતાના પૉકેટમાંથી પૈસા કાઢવાના આવે ત્યારે સૌને સસ્તી ચીજો તરફનો મોહ જાગતાં વાર નથી લાગતી!

''તને યાદ છે, દીકરા?'' ચંદ્રકાન્ત બોલ્યો. ''આ 'નાઈકી'ના ઍરવાળા શૂઝ જ્યારે પહેલી વાર નીકળેલા ત્યારે એ લેવા તેં કેવી જીદ કરેલી. એ વખતે મેં તને આટલા મોંઘા ભાવના શૂઝ શું કરવા છે તેમ મેં પણ તને પૂછેલું. તારું મોં પડેલું જોઈ તારી બાએ મારી સાથે ઝગડો કરીને તને 'નાઈકી'ના શૂઝ અપાવેલા. યાદ આવે છે તને ?''

''ઓ.કે.'' અશ્લેષ ઢીલો પડતાં બોલ્યો. ''કાલે જઈશું એ શૂઝ લેવા, ઓ.કે. !''

અશ્લેષ પરાણે સંમત થતો હતો એ ચંદ્રકાન્તને સમજતાં વાર ન લાગી.

બીજા દિવસે અશ્લેષે 'કે-માર્ટ 'ના પાર્કિંગમાં ગાડી વાળી ત્યારે ચંદ્રકાન્તથી બોલ્યા વગર ન રહેવાયુંઃ ''તારે 'કે-માર્ટ 'માં કંઈ લેવાનું છે ?''

''ના.'' અશ્લેષ બોલ્યો. ''આ તો તમારા શૂઝ જો અહિ સસ્તામાં હોય તો જોઈ લઈએ. ''

''કે-માર્ટ 'માં શોપિંગ કરતાં તને હવે શરમ નથી આવતી? '' ચંદ્રકાન્તે સીધો જ સવાલ કર્યો.

''ડેડી, 'કે-માર્ટ ' હવે પહેલાના જેવો નથી રહ્યો. એમણે ઘણા બધા સુધારા કર્યા છે. 'નેઈમ' બ્રાન્ડ વસ્તુઓ રાખતા થઈ ગયા છે. એટલે તો એમણે નામ બદલીને 'બિગ કે-માર્ટ' રાખ્યું છે.''

ચંદ્રકાન્તને થયું કે એના સવાલથી દીકરાને સમજાયું નથી કે એ શું કહેવા માગતો હતો. એટલે એણે જ સ્પષ્ટતા કરવી પડી. ''તમે નાના હતા ત્યારે મારી સાથે 'કે-માર્ટ'માં શોપિંગ કરવા આવતાં તમને શરમ આવતી. અમે અમારું શોપિંગ પતાવીને આવીએ ત્યાં સુધી તમે ગાડીમાં જ બેસી રહેતા એ તને યાદ આવે છે?''

અશ્લેષ કંઈ બોલ્યો નહિ. ચંદ્રકાન્તે વાતને આગળ વધારતાં કહ્યું : ''તું માને કે ન માને પણ હવે મને 'કે-માર્ટ 'માં જતાં શરમ આવે છે. એટલા માટે કે મારી ઉંમરના કોઈ મને અહિ જોઈ જાય તો એ લોકો મનોમન વિચારવાના કે મેં રિટાયર્ડ થઈ કમાતા દીકરા અને પુત્રવધૂની સાથે રહીને 'કે-માર્ટ 'માં શોપિંગ કરવાનું છોડયું નથી !''

''તો પછી તમારે કયા સ્ટોરમાંથી શૂઝ ખરીદવા છે ?'' ઊંચા અવાજે અશ્લેષે પૂછયું.

પોતાના પગ તળે પાણીનો રેલો આવે એ કોઈને ગમતું નથી અને પાણી પહેલાં પાળ કોઈ ને બાંધવી નથી.

''તારા શૂઝ ખરીદવા તું અમને 'ઓશમાન'માં કાયમ ઘસડી જતો હતો એ તો યાદ હશે તને ?'' ચંદ્રકાન્તે કઠોર થઈને કહ્યું. ''મારે પણ એ જ સ્ટોરમાંથી શૂઝ ખરીદવા છે; સ્પોર્ટસનો સ્ટોર છે ને એટલે !''

મૂંગા મૂંગા અશ્લેષે ગાડી એ તરફ મારી મૂકી.

થોડા અઠવાડિયા પછી ચંદ્રકાન્તે એક ટી.વી. ખરીદવાની વાત દીકરા આગળ મૂકી: '' તમે બંને તમારા પ્રોગ્રામો આ ટી.વી. પર જુઓ છો ત્યારે હું પરાણે તમારી સાથે ટી.વી. જોઉં છું. જો મારી રૂમમાં એક અલગ ટી. વી. હોય તો હું મારા પ્રોગ્રામો એકલો એકલો જોઈ શકું અને તમે લોકો તમારા પ્રોગ્રામો આ ટી.વી. પર જોઈ શકો. ''

''કયો ટી.વી. ખરીદવો છે, ડેડી? '' અશ્લેષ પૂછયું.

''સોનીનો. તને ખૂબ ગમે છે ને ? સાથે સાથે ઉમેર્યુ :''ભેગા ભેગા એક 'વીસીઆર' પણ ખરીદવો છે કે જેથી હું મારી રૂમમાં બેઠો બેઠો મહાભારત જેવી કેસેટો લાવી જોઈ શકું. ''

એકાદ મહિનામાં ચંદ્રકાન્તની રૂમમાં નવો ટી.વી. અને 'વીસીઆર' બાપ દિકરા વચ્ચે કોઈ પણ ચર્ચા કર્યા વિના આવી ગયા.

એક દિવસ ચંદ્રકાન્તની ગાડી બગડી ને રસ્તામાં જ અટકી ગઈ. અશ્લેષે આવીને એને 'ટો' કરાવી. ઘરમાં પગ મૂકતાં જ ચંદ્રકાન્તે દીકરાને મનની વાત કરી. ''બેટા, મારી ગાડી હવે ખૂબ જૂની થઈ ગઈ છે. તું જો અપાવે તો એક નવી ગાડી ચલાવવાની મારી ઈચ્છા છે. તમને ભણાવવામાં મેં આજ સુધી જૂની ગાડીઓ જ ચલાવી છે. તારી બાની પણ ખૂબ ઈચ્છા હતી કે હું એને નવી ગાડીમાં ફેરવું. એ બિચારીને તો નવી ગાડીમાં ફરવા ન મળ્યું ! મને જો નવી ગાડીમાં ફરવાનું મળશે તો અમારા બંનેની ઈચ્છાઓ પૂરી થતાં એના આત્માને પણ શાંતિ જરુર મળશે. ''

દીકરાઓની માંગ બાપ કરતાં માનાથી જલદી પૂરી કરાય છે. એ કારણે, દરેક દીકરાને બાપ કરતાં મા પ્રત્યે લાગણી વધારે હોય છે. માની વાત આવતાં અશ્લેષને કોઈ પણ દલીલ કરવાનું મન ન થયું. આમેય એને ખબર હતી કે એના ડેડીએ કદી નવી ગાડી ખરીદી નો'તી. જ્યારે જ્યારે એ એના ડેડીને નવી ગાડી ખરીદવાનું કહેતો હતો ત્યારે એના ડેડી એના અભ્યાસના ખર્ચાની વાત આગળ લાવી મૂકતા અને નવી ગાડીની વાત ત્યાં જ અટરી જતી.

''કઈ ગાડીની ઈચ્છા છે, ડેડી ?'' અશ્લેષે પૂછયું. અશ્લેષ આટલી સહેલાઈથી સમજી જશે એ ચંદ્રકાન્તે ધાર્યું નો'તું ! લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે માં ધોવા ન જવું જોઈએ!

'''કેમરી' તને કેવી લાગે છે?'' ચંદ્રકાન્તે પૂછયું.

''સારી છે અને તમને ફાવશે પણ ખરી.''

ગાડીનો સોદો કરતી વખતે ચંદ્રકાન્તે રેડિયો અપગ્રેડ કરાવીને સી.ડી. પ્લેઅરની વાત કરી ત્યારે અશ્લેષ અકળયો. ''ગાડી સાથે કૅસેટ પ્લેઅર તો આવે જ છે પછી સી.ડી. પ્લેઅરની શી જરું ર છે?''

''એક વાર સી.ડી.નું સંગીત સાંભળીએ પછી કૅસેટનું નથી ગમતું'' ચંદ્રકાન્તે દલીલ કરતાં કહ્યું. ''આમેય તમારા શોખ પૂરા કરવા મેં આજીવન મારા શોખ દબાવી જ રાખ્યા હતા.'' ભૂતકાળને યાદ કરીને એમણે ઉમેર્યું:''તારી નવી ગાડી લીધી ત્યારે તેં કેટલો ખર્ચ કરાવ્યો હતો; ગાડીની સાથે આવેલો રેડિયો તેં અપગ્રેડ કરાવીને મોટા મોટા સ્પીકરો ગાડીમાં નંખાવેલા અને સી.ડી. ચેન્જર પણ નંખાવેલું ત્યારે મેં તને કહેલું કે આ બધા પૈસા તું ભણવા પાછળ ખર્ચતો હોય તો? આ બધા શોખ કમાઈને કયાં પૂરા કરાતા નથી ! આ બધી વાતો તને ત્યારે ગળે ઉતરી નો'તી !''

અશ્લેષ મૂગો મૂગો બધુ સાંભળી રહ્યો હતો.

ઘેર પાછા આવતાં ગાડીમાં અશ્લેષે વ્યંગમાં ચંદ્રકાન્તને પૂછયું: ''ડેડી, ગાડીમાં બીજું કંઈ અપગ્રેડ કરાવવું હોય તો બોલજો. ''

અશ્લેષના આ કથનમાં કડવાશ છલકાતી હતી એ ચંદ્રકાન્તને સમજતાં વાર ન લાગી. એટલે જ, ગાડીના કાચને ટિન્ટ કરાવવાની મનેચ્છાને મારવી પડી.

ચંદ્રકાન્તની નાની-મોટી માગણીઓ દિન-પ્રતિદિન વધતી જતી હતી. એની માગણીઓથી દીકરા અને પૂત્રવધૂના મોંના બદલાતા જતા ભાવોને વાંચી વાંચી ચંદ્રકાન્ત વિચારોમાં ખોવાઈ જતો હતો.

એક રાતના ચંદ્રકાન્ત સૂઈ ગયા છે એની ખાતરી કરીને અંકિનીએ અશ્લેષને વાત છેડી: '' હું તો તને પહેલેથી જ કે'તી હતી કે ડેડીને આપણા ભેગા રહેવા આવવાનું દબાણ ન કરતો. આપણા ભેગા લાવીને તેં શું કાંદા કાઢ્યા ! નાના બાળકની જેમ એમની માગણીઓ દિન-પ્રતિદિન વધતી જ જાય છે. આપણને પોસાશે કે નહિ એનો વિચાર તો એ કરતા જ નથી ! વસ્તુંઓ માગે છે તો એ ટોપ લાઈનની જ માગે છે. બાના ગયા પછી એ ઘણા જ બદલાઈ ગયા છે. વાત વાતમાં તારી પાછળ એમણે કેટલો ખર્ચ કર્યો એ આગળ લાવી તને બોલતો જ બંધ કરી દે છે. હવે જો ડેડી અહિથી જવા માગે તો તું પાછો એમને દબાણ કરતો નહી.'' અશ્લેષે પિતાનો બચાવ કરવા દલિલો તો કરી, પણ પત્નીના વાક્બાણોથી ઘાયલ થતાં એ આગળ લડી ન શક્યો !

ચંદ્રકાન્તે બંનેની સઘળી વાત અર્ધનિદ્રામાં સાંભળી તો લીધી, પણ એની ઊંઘ જ ઊડી ગઈ ! ખુલ્લી આંખે પથારીમાં મળસ્કે સુધી એણે આળોટયા જ કર્યુ. મનોમન એક નિશ્ચય કરી લેતાં એને ઊંઘ તો આવી ગઈ.

બીજા દિવસે બપોરના એક ચિઠ્ઠી લખવા એણે પેન ઉપાડી.

ચિં. અશ્લેષ અને અંકિની;

ગઈ કાલે રાતના અંકિનીની વાત અને તમારી બંને વચ્ચે મારી બાબતે જે વાદવિવાદો થયા તે મેં ઊંઘમાં સાંભળ્યા. મારી માગણીઓ અંકિનીને હદ-પાર વિનાની જરૂર લાગી હશે, પણ એની પાછળની મારી ફિલોસોફી તમે બંને સમજયા નથી એટલે એ અંગેની સ્પષ્ટતા મારે કરવી પડશે.

મારે આ જીવન જોવું હતું કે મેં જેમ અશ્લેષની નાની-મોટી માગણીઓને સંતોષી તેમ તમે લોકો તમારા ભાવિ બાળકોની માગણીઓને કેવી રીતે સંતોષશો એ મારે જોવું હતું, અનુભવવું હતું. તમારા બાળકોની માગણીઓ તો ખૂબ જ આધુનિક અને ખર્ચાળ હશે. તમને ઘડી ભર 'અપ-સેટ' કરી દે એવી હશે. મેં તો મારા શોખને બાજુ પર રાખી તમારા શોખને પૂરા કર્યા, પણ તમે તમારા બાળકોની માગણી પૂરી કરવા તમારા શોખ પડતા નહીં મૂકો એટલે જ તમને એ માટે અત્યારથી જ તૈયાર કરવા મેં એક નાટક તમારા ઘરમાં આવીને ભજવ્યું છે.

સાથે સાથે મારે એ પણ જોવું હતું કે તમે લોકો મારી કેવી કાળજી લો છો. સારું છે કે હું શારીરિક અને આર્થિક રીતે સધ્ધર છું ત્યારે તમે લોકોએ મારી આંખ ખોલી છે. સારું છે કે મેં મારી બચત તમારા નામે ટ્રાન્સફર કરી નથી. તારા બાની તો ઈચ્છા હતી કે અમારા ગુજરાન જેટલું રાખીને બાકીની રકમ તમારા નામે ટ્રાન્સફર કરવી, પણ મેં જ એને સમજાવીને કહ્યું હતું કે આપણા બંનેના અવસાન પછી આ બધુ આપણા દિકરાનું જ છે અને એ ત્યારે સમજી પણ ગઈ હતી.

હું મારા એપાર્ટમેન્ટમાં પાછો જાઉ છું, પણ તમારી સાથેનો સંબંધ તોડીને જતા નથી. આપણા સંબંધમાં એક નાની તિરાડ પડી છે એ વધારે ઊંડી ઊતરે એ પહેલાં એને મારે સાંધી લેવી છે. તમારે ત્યાં હું અવાર નવાર આવતો રહીશ. તમારા બંનેના સંબંધો મારા કારણે બગડે નહિ એ મારા માટે ખૂબ મહત્વનું છે. મારે તો બહું વર્ષો હવે કાઢવાના નથી. તમારી આગળ તો લાંબી મંઝીલ પડી છે અને તમે બંને હાથમાં હાથ મીલાવી એ મંઝીલ પાર કરો એમાં જ મારી ખુશી છે. અત્યારે હું અલગ રહું એ બંને માટે સારું છે. સાજા-માંદા વખતે તમારી મદદ માગીશ અને તમે એ પ્રેમથી પૂરી પાડશો એની મને ખાતરી છે.

મને અને આ પત્રને સમજવાની કોશિશ કરશો એ આશા સહ, શુભેચ્છા સાથે, આશિર્વાદ આપતો વિરમું છું.- તમારો ડેડી.

ફૂલવાડી ⇒

# વર કન્યા સાવધાન !!

ચીમન પટેલ 'ચમન'

ફોનની ઘંટડી રણકીને રસોડામાં કામ કરતી પત્ની બોલી; 'જરા ફોન લેશો? મારા હાથ લોટવાળા છે.'

'તમારા હુક્કમને નકારાય !' સોફામાંથી ઉભા થતાં થતાં હું બોલ્યો.

'આમ વ્યંગમાં ના બોલતા હોવ તો ના ચાલે ?' ધર્મપત્ની જરા બગડ્યા.

ફોન મે લીધો ને પત્ની તરફ ધરતાં મેં કહ્યું; 'તમારો છે! હવે તો તમારે લેવો જ પડશે !'

'કોણ છે?' ધર્મપત્નીને હતું કે કોઈ એમની બહેનપણી હોય તો ફરી ફોન કરવાનું મારી પાસે જ કહેવડાવી દેવું હશે પણ, મેં જ સ્પટતા કરતાં કહી દીધું; 'આ બહેનતો તમારી સાથે જ વાત કરવાનો આગ્રહ રાખે છે.' ઝટપટ હાથ ધોઈ, સાડીના છેડે હાથ લૂસતાં લૂસતાં મારા હાથમાંથી એમણે ફોન લઈ લીધો; મારો આભાર માન્યા વગર જ!

ફોન કરનાર કોણ હશે એ જાણવાની મને પણ ઈન્તેજારી જાગી એટલે હું એમના મોઢાના ભાવ વાંચવા આઘો ન ખસ્યો. એમનો ચહેરો ચાડી ખાતો કહી રહ્યો હતો કે તેઓ પણ આ ફોન કરનારને ઓળતા લાગતા નો'તા!

આમતો ચાલું ટીવીએ પણ એ વાત કરવા ટેવાયેલા છે પણ, આજે એ વાત કરતાં કરતાં અંદરના રૂમમાં ચાલ્યા ગયા એ જોઈ મારી કુતૂહલતા પણ વધી. એકાદ બે કીડી કરડી જાય ને જેમ મન ઘડી ઘડી ત્યાં પહોચી જાય એમ મારું મન પણ ઘડી ઘડી શી વાત હશે એ જાણવા પહોચી જતું હતું !

વાતચીત પતાવીને ધર્મપત્ની જયારે મારી પાસે આવીને બેઠા ત્યારે મારા મનને શાંતિ થઈ.

હજુ હું એમને પૂંછુ ત્યાં જ એ વદ્યા; 'આપણા લોકો પણ ખરા છે ?'

'પણ થયું શું ?' મારાથી પૂછાઈ ગયું. મે ન પૂછયું હોત તો પણ એ કહેવાના તો હતા જ, પણ જો વચમાં કૂદી ન પડીએ તો પછી પટેલ ભાયડા ન કહેવાઈએને!

'આપણી દિકરી નયનાના લગ્નની વાત કરવા કોઈ બહેનનો ફોન હતો. મેં એમને કહ્યું કે તમે તમારા દિકરાનો ફોન નંબર આપો . મારી દિકરી તમારા દિકરાને ફોન કરી એક બીજાને વાત કરી લેવા દો પછી આપણે આગળ વાત ચલાવીએ પણ, આ બહેનતો કહે કે અમારે તો પ્રથમ તમને મળવું છે. આપણે એક બીજાને મળીએ, ઓળખીએ પછી આગળ વાત ચલાવીએ.'

'તો તે શું કહ્યું?' કોઈ વાત કરતું હોય તો એની વાત પૂરી ન થાય ત્યાં સુધી વચમાં ન બોલવાનો નિર્ણય હું કાયમ કરું છું પણ લાંબો ટક્તો નથી!

'આગળ સાંભળો તો ખરા.' આંખો પહોળી કરી ડાંટતાં પત્ની બોલી.

'મે તો એ બહેનને સાફ સાફ કહી દીધું કે હું એમની સાથે બિલકુલ સંમત નથી.'

‘બહું સરસ જવાબ તે આપ્યો. ‘ગુડ’..’

‘આ પહેલી વાર તમે મારી સાથે સંમત થયા છો!’

‘............’મૂક રહેવામાં જ આજે મારી સલામતી હતી !!

અમેરિકામાં એવા મા-બાપો છે કે જેઓ ભારતની ચાલી આવતી કેટલીક જૂની પ્રથાઓને છોડવા તૈયાર નથી. પરિણામે, અહિ જન્મી મોટા થયેલા કેટલાક બાળકોના લગ્નોના પ્રશ્નો વિકટ બની જાય છે, બની ગયા છે.

ધર્મપત્નીના એક જાણીતા બહેનપણીના એકના એક દિકરાને ૩૨ થવા આવ્યા છે પણ, હજુ સુધી એના લગ્નનું ઠેકાણું પડ્યું નથી એનું કારણ પણ જાણવા જેવું છે. આ બહેન ખૂબ દેખાવડા છે એટલે એ રૂપાળી પૂત્રવધૂની ખોળમાં છે. છોકરીઓના ફોટા એમની પાસે આવે ત્યારે જો એમને ન ગમે તો એ ફોટાઓ પછી ત્યાં જ ઘર કરીને રહી જાય છે; ન એમના પતિને કે ન એમના દિકરાને એ ફોટાઓ જોવા મળે છે! જોવાની ખૂબીતો એ છે કે આ બહેન બધાને કહેતા ફરતા હોય છે કે જન્મ અને મરણ તો ઉપરથી લખાઇને જ આવ્યા હોય છે. તો પછી, એ ફોટાઓ દિકરાને બતાવવામાં જોખમ ખરું?

આ બહેનને ગોળાકાર મુખ ગમે છે પણ, દિકરાને એ ન પણ ગમતો હોય. દરેક વ્યકિતનો દ્રષ્ટિકોણ અલગ અલગ હોય છે એ આ બહેન કેમ ભૂલી જતા હશે? તમે નહિ માનો પણ, સાથે નોકરી કરતી એક ધોળી છોકરી સાથે લગ્ન કરવાના એમના દિકરાના મક્કમ નિર્ણયને જયારે આ બહેન એમના બધા ઉપાયો કરી બદલી ન શક્યા ત્યારે એમના દુઃખની કોઇ સીમા નો’તી! સુખે દુઃખે દિકરાના લગ્ન તો કરાવ્યા પણ, આખી જિંદગી એક ડંખ એમને ખૂચ્યા કર્યો કે જો એમણે એ બધી ભારતીય છોકરીઓના ફોટાઓ દિકરા સુધી જવા દીધા હોત તો ભારતીય પુત્રવધૂના એમના સ્વપ્નાઓ સાકાર તો થયા હોત. આ દ્વિધામાં એમની પુત્રવધૂને એ આજીવન દિલથી ન અપનાવી શક્યા કે ન એને જોઈતો સહકાર આપી શક્યા. પરિણામે, આજે એમની આધેડ વય વખતે પુત્ર ને પુત્રવધૂ વચ્ચેનું અંતર ઘટવાને બદલે વધી ગયું છે!

મારા એક મિત્રની દિકરીની વાત અત્રે યાદ આવી જાય છે. છોકરાઓની વાત લઈ મિત્રો કે સગાઓ ફોટા આપી જાય ત્યારે દિકરી મા-બાપને ખુશ રાખવા એક પછી એક ફોટાઓ જોઈ તો જાય પણ, દિકરીનો કાયમ એક જ જવાબ હોય કે એને કોઈ છોકરો ગમતો જ નથી! સારા ને સંસ્કારી કુટુંબના છોકરાઓના માંગાઓની દિકરી સાથે ચર્ચા કરી કરીને મા- બાપ હવે ખૂબ કંટાળી ગયા હતા એટલે એક દિવસે દિકરીને પાસે બેસાડીને એને પૂછ્યું;‘તને સારા, દેખાવડા ને સંસ્કારી છોકરાઓ બતાવીએ છીએ ને તું એમની સાથે વાત કર્યા વગર જ ના પાડી દે છે તો તારું કારણ અમને કહીશ. તારી ધ્યાનમાં જો કોઈ છોકરો હોય તો અમને કહે અમને એનો વાંધો નથી’.

‘એવું કંઈ નથી, ડેડી.’ દિકરી બોલી.

‘તો પછી તને શો વાંધો છે તે અમારે આજે તો જાણવું જ છે?’
દિકરીને પણ ઘણા દિવસથી થતું હતું કે મા-બાપ પાસે બેસીને આ અંગે સ્પષ્ટતા કરી લેવાનો સમય પાકી ગયો છે. કાગને બેસવું ને ડાળને પડવું.

'ડેડી, ખોટું  ન લગાડતા પણ, હું સમજુ છું તે પ્રમાણે મા-બાપે બતાવેલા છોકરા સાથે કરેલા લગ્ન 'એરેન્જ મેરેજ' ગણાય છે ને 'એરેન્જ મેરેજ'ના કિસ્સાઓ સાંભળી મને એને માટે એક પ્રકારની નફરત થઈ ગઈ  છે.' દિકરીએ પેટ છૂટી વાત કરી. આ સાંભળી મા-બાપતો  બેઘડી આશ્ચર્યમાં ડૂબી ગયા! પછી, દિકરીના બાપે પોતાનો ખુદનો દાખલો આપીને દિકરીને 'એરેન્જ મેરેજ' કોને કહેવાય એ સવિસ્તાર સમજાવ્યું ને મા-બાપતો 'મેસેન્જર'નો રોલ ભજવી રહ્યા હોય છે એની પણ સ્પષ્ટતા કરી લીધી. પેટ છૂટી વાતો કરીને દિકરીને એ દિવસે ખૂબ ખૂબ સમજાવી .

દિકરીને પણ એ દિવસે મા-બાપની વાત ગળે ઉતરી ને એની વર્તણુકમાં ફેર પડ્યો ને એ છોકરાઓના ફોટાઓમાં રસ લઈ ફોન પર વાત પણ કરવા લાગી. થોડાક જ સમયમાં  એના પણ લગ્ન  ધામ ધૂમથી લેવાઈ ગયા!

અમેરિકામાં કેટલાક ભારતીય કુટુંબો એવા પણ છે કે ભારતના એમના પૂર્વજોએ ઉભા કરેલા ગામના વાડાઓની અંદર જ એમના અમેરિકામાં જન્મેલા  કે અહિ આવી મોટા થયેલા છોકરા- છોકરીઓના લગ્ન થાય એવો અંદરથી આગ્રહ રાખે છે. એ પૂર્વજો જરુંર હોશિયાર હશે ને એમના એ ગામના વાડાઓ બાંધવાના કારણો પણ હશે. એ વખતે નોકરી માટે ગામ છોડીને બહાર જનારા બહું જ ઓછા હશે એટલે છોકરા-છોકરીઓના વિવાહ અંગે ગણ્યા ગાંઠા ગામના પરિવારોનો કૌટુંબિક પરિચય રાખવો સરળ બની રહેતો હશે; ખાસ કરીને દિકરીઓ માટે. અજાણ્યા પાણીમાં પડવાની એ પૂર્વજોની  તૈયારી નહિ હોય. ગામના છોકરાઓ ગામમાં એમની નજર આગળ જ રમે એવી એમની આગવી સૂજ હશે.

અમેરિકામાં જન્મેલા  કે અહિ આવી મોટા થયેલા છોકરા- છોકરીઓને આ પૂર્વજોએ રચેલા ગામોમાં પરણાવાનો આગ્રહ રાખતાં પહેલાં એમને એ આગ્રહ પાછળની ફિલસૂફી જો સમય સર નહિ સમજાવીએ તો આ બાળકો મા-બાપના વિચારો વિરૂદ્ધ ડગ ભરશે. ભારતમાં સ્થાયી થયેલા જો અમુક ગામોનો આગ્રહ રાખે એ વાત સમજાય  છે પણ, પરદેશમાં રહેતા પરિવારો અંદરખાને આ આગ્રહ રાખે એ સમજાતું નથી. આ પરિવારોએ એમના મા-બાપોની ઈચ્છા મુજબ લગ્નનોની બાબતમાં એ ગામોની સરહદો ભલે ઓળંગી નથી પણ, પૈસા કમાવવા તો એ સરહદો  જરુંર ઓળંગી ગયા છે. એમ કરવામાં એમના દિવંગત(પરલોક વાસી) પૂર્વજોના આત્માઓને એમણે કેટલું દુઃખ પહોચાડ્યું હશે એ કોને ખબર?  ગામો છોડી, દેશ છોડી, પરદેશમાં આવવાની આપણે હિમ્મત કરી તો આપણા બાળકો આપણાથી સવાયા નિકળે તો એમાં નવાઈ શી ?!

ગામના છોકરાઓને ગામમાં રમવું હવે ગમતું નથી. ગામના આંગણાઓ એમને હવે નાના પડે છે. રમતો બદલાઇ ગઇ છે ને રમનારા બદલાઈ ગયા છે! નવા યુગના એ યુવાનો પાસે આધુનિક સુખ સગવડો હવે આવી ગઈ છે. પટેલને પટેલમાં પરણવું નથી ને મા-બાપોને પરાણે પરણાવવા છે. પર નાતમાં, પર પ્રાન્તમાં કે પરદેશીને પરણીને એમના ભાવિ બાળકોના 'જીન'માં  ફેરફાર લાવવાના એમના આધુનિક વિચારોને સમજવામાં આપણને સમય લાગશે. એમને એમના બાળકો ખડતલ, ઊંચા, દેખાવડા ને 'ઈન્ટેલીજન્ટ' જોઈએ છે જેની સમજણ એમને આવી ગઈ છે ને એ સમજણ જો મા-બાપોમાં આવી જાય તો સોનામાં સુગંધ ભળી જાય. પરિવારોની પ્રજાઓના પશ્નો પણ હળવા થઈ જાય. દુઃખના ડુંગરમાં દટાયા વગર સ્વર્ગીય સુખનો લ્હાવો આ ધરતી પર જ મરતાં પહેલાં માણી શકાય.

માંડ માંડ છોકરો  કે છોકરી હા પાડે ને પછી જો જન્માક્ષરો મળતા ન આવ્યા કે ગ્રહોના ગોટાળોમાં જો ગુંચાયા તો લગ્ન અટકી ગયા સમજો.

આવો એક પ્રસંગ યાદ આવી જાય છે. છોકરો-છોકરી છ મહિના ફર્યા, ખૂબ વાતો કરી ને જ્યારે બંને લગ્નના નિર્ણય પર આવ્યા ત્યારે જન્માક્ષર જોનારે કહ્યું કે આ 'કપલ'ને બાળકનો યોગ નથી.

છોકરાના પિતાએ તો  પહેલેથી જ કહી દિધેલું હતું કે તેઓ જન્માક્ષરમાં માનતા નથી પણ, દિકરીની મા આ ભાવિ સંજોગો સામે આંખ આડા કાન કેમ કરી શકે? દિકરીનો બાપ વિચારતો હતો કે આજની મેડીકલ સિધ્ધીની સહાયથી આ આગાહીને ખોટી પૂરવાર કરી શકાય પણ, પત્નીને પડકારવામાં સાપના દરમાં હાથ નાખવા જેવું હતું.  ગૌણ વાત હતી એ મહત્વની બની ગઈ ને મહત્વની વાત ગૌણ બની રહી ગઈ. લગ્નની વાત ત્યાં જ અટકાઈ ગઈ! થોડા સમય પછી છોકરાનું તો બીજી કોઈ છોકરી સાથે ઠેકાણું પડી ગયું પણ, પેલી છોકરીનું જન્માક્ષરોને કારણે લંબાઈ ગયું છે.

જન્માક્ષરો બનાવનાર કે જન્માક્ષરો વાંચનાર પાસે ગ્રહોનું જ્ઞાન જરુંર હશે પણ, એને અનુસરીને કરેલા લગ્નો બધા શું સફળ નિવડે  છે ને ન અનુસરેલા બધા શું નિષ્ફળ જાય છે? પરદેશમાં શની-રવિના સમયની સગવડ આગળ અપવાદોને આપમેળે આપણે આવકારી લઈ અવસરતો સાચવી લઈએ છીએ ત્યારે થોડા  અપવાદો વધે તો વાંધો ખરો?

છોકરા-છોકરીના જન્માક્ષરો જોવાને બદલે બંને પક્ષના પરિવારોનો મેડીકલ રીપોર્ટ જોવો હવે વધારે જરુંરી છે. છોકરીને ગાંઠડિયે કે છોકરાને પાઘડીએ મંગળ નિકળે તો ચલાવી લેવાશે પણ, બંનેના પરિવારમાંથી કોઈ ડાયાબીટીસ કે હૃદય રોગ જેવા વંશીય રોગો ભાવી પ્રજામાં ન આવી જાય એ માટે સજાગ થવાનો સમય પાકી ગયો છે. જેમ સામાવાળાના જન્માક્ષર માગતાં આપણને જરાયે ક્ષોભ થતો  નથી તેમ મેડીકલ રીપોર્ટ માગવામાં ક્ષોભ રાખવા જેવો  હવે નથી.

પરદેશમાં આજની આપણી પ્રવૃત્તિ જોઈ આપણા દિવંગત પૂર્વજો હવે જરુંર હરખાતા હશે પણ, આપણે જ્યારે એ અવસ્થાએ પહોચીશું ત્યારે આપણા બાળકો માટે અહિ જે થઈ રહ્યું છે ને જે થવાનું છે એ જાણી હરખાઈશું કે કેમ એ પ્રશ્ન મને તો રાત-દિ મૂંઝવી નાખે છે !!

ફૂલવાડી ⇒

## ‘આરએસવીપી’! (RSVP)

ચીમન પટેલ ‘ચમન’

લગ્નની કંકોતરી લખવાનો જેને ત્યાં પ્રસંગ આવ્યો છે એને જ પૂછો કે ‘આરએસવીપી’ના કડવા-મીઠા અનુભવો કેવા  થયા છે !

‘આરએસવીપી’નું કાર્ડ ભરી મોકલનારને ટિકિટ ચોટાડવાની ચિંતા નથી કે સામાવાળાનું શિરનામું કરવાની માથાકૂટ નથી છતાં એમની ન સમજાય એવી કેટલીક વર્તણૂંકની વાતો સાંભળી દિલ દ્રવી જાય છે અને પ્રશ્ન થાય છે કે કંકોતરી મેળવનાર તો સગાઓ ને નજીકના મિત્રો છે તો આ કામમાં કડવાશ કેમ ઊભી થતી હશે ?!

સગા સબંધીઓને બાદ કરતાં મોટા ભાગના મિત્રો તો પંખીના મેળાની જેમ આટલે દૂર અહિ આવી મળેલા હોય છે. મન મળી જતાં મિત્રતા ગાઢ બને છે અને આવા પ્રસંગે એમને ખાસ યાદ કરીને આમંત્રિત કરવામાં  આવે છે. આ મિત્રોને કદાચ ખબર નહિ હોય કે તેઓ કેટલા નસીબદાર છે! ઘરમાં પહેલી વાર આમંત્રિતોનું લિસ્ટ જ્યારે તૈયાર થાય  છે ત્યારે હોલની ‘કેપેસીટી’થી ઘણું જ મોટું બની જાય છે. કોને લિસ્ટમાંથી કાપવા ને કોને ન કાપવામાં જ પતિ-પત્ની વચ્ચે, આવા સારા પ્રસંગે, ઘર મેદાનમાં વગર હથિયારે યુધ્ધ લડાઈ જવાય છે. બંને ઠંડા પડતાં મન મનાવી ( કે પછી મનાવડાવી) આ લિસ્ટમાં જરૂરી

કાપાકૂપી કરવામાં આવે છે. કંકોતરી મેળવારને હવે સમજાશે કે એ નસીબદાર ખરા કે નહિ કે પેલી કાપાકૂપીમાંથી એ બચી ગયા ! આ નસીબદાર મિત્રોએ સહકારનો હાથ લંબાવવામાં આંખ આડા કાન ન કરવા જોઈએ. યથાયોગ સહકાર ન આપવામાં એવું ન બની જાય કે બીજા અવસરે લિસ્ટમાંથી તમારું નામ સદાને માટે કપાઈ જાય અને એ જાણીને-અનુંભવીને દુઃખી થઈ તમારી અંદરની વેદના વાણી વાટે 'વીક એન્ડ' માં વહેવા માંડે !

આ અંગે એક પ્રસંગ અત્રે યાદ આવી જાય છે.

એક કુટુંબના વડાએ બે જણા આવીશું ભરીને 'આરએસવીપી'નું કાર્ડ સમયસર તો મોકલ્યું, પણ અવસરના દિવસે એમના બે દિકરા હોસ્ટેલમાંથી આ દિવસે ઘેર આવેલા એટલે આ બે દિકરાઓને સાથે લઈ જવા કે ન લઈ જવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો. દિકરાની મા એમના ઘરવાળાને કહે છે; 'એમાં વિચાર શો કરવાનો ? એ બિચારાઓને આવો ચાન્સ ક્યારે મળવાનો છે! રમેશભાઈ તો તમારા લંગોઠીયા ભાઈબંધ છે. એ ઓછા કંઈ વાંધો ઉઠાવવાના છે ?' આ સાંભળી એક દિકરો બોલ્યો; 'ના મમ્મી, તમે બેજણનું લખ્યું છે તો તમે ને પપ્પા બે જણા જાવ ને અમારી ચિંતા ન કરો'.

'પણ તમારું સાંજનું જમવાનું શું ?'

'એની તું ચિંતા ન કર મમ્મી. અમે અમારું કરી લઈ શું.'

બંને દિકરાઓ માબાપના દબાણમાંથી ન નિકળી શક્યા ને કચવાતા મને માબાપ સાથે જોડાવવું પડ્યું. હોલ પર પહોંચી પ્રથમ ટેબલની વ્યવસ્થા કરનારને મળ્યા.ઘરના વડીલે કહ્યું;'આમતો અમે બે જણનું જણાવ્યું હતું, પણ અમારા આ બે દિકરાઓ અચાનક આવી ગયા તો એમને પણ લેતા આવ્યા છીએ તો એમની બેસવાની વ્યવસ્થા કરી આપશોને?'

'સાથમાં લઈને આવ્યા છો તો વ્યવસ્થા તો અમારે કરવી જ પડશે.' મોં બગાડી વ્યવસ્થાપકે કહ્યું.

'એમને તો અમારી સાથે બેસવું છે.' આરબ ને ઊંટની જેમ એમની માગણીઓ વધી રહી હતી.

'એ શક્ય નથી.' કડકાઈથી વ્યવસ્થાપકે કહ્યું.

'તો.. મારે રમેશને મળવું પડશે. એ મને ક્યાં મળશે?'

'મને ખબર નથી. તમે જ એને ખોળી કાઢોને?' વાત ટૂંકાવતાં વ્યવસ્થાપકે કહ્યું.

આવા વખતે રમેશને ખોળીને એના કામમાં ખલેલ પહોચાડવાનો અને પોતાની બે સીટો માટે બીજા બેને 'બમ્પ' કરી અવ્યવસ્થા ઊભી કરવાનો વિચાર ગરજવાનને ક્યાંથી આવવાનો!

રમેશને ખોળી કાઢી વડીલે હૈયા વરાળ કાઢી એની સાથે સાથે પેલા વ્યવસ્થાપકની થોડી ટિકા પણ કરી લીધી. ઠંડા કલજે રમેશે કહ્યું;'તું મારો લંગોટિયો મિત્ર ખરો, પણ જેને જે કામ સાંપવામાં આવ્યું છે એની સંપૂર્ણ જવાબદારી એમના ઉપર છોડીને કામની વહેચણી મેં જ કરી છે એટલે આ બાબતમાં હું કંઈ પણ કરી નહિ શકું. આઈ એમ સોરી!' રમેશને આમ છેલ્લે પાટલે બેસી જતાં અને પોતાના બધા પાસાં આજ

ઉલટાં પડતાં એ અવાક બની ગયા. પેલા વ્યવસ્થાપકને ફરી મળવાની એમની હિમ્મત નો'તી એટલે પત્નીને જ એ કામ કરવાનું સાંપીને મિત્રો સાથે ગામ ગપાટા મારવા એ ગાયબ થઈ ગયા !

આજ વ્યકિતને બીજા વરસે રમેશ તરફથી કંકોતરી ન મળતાં સામે ચડીને રમેશને એમણે ફોન કર્યો; 'અલ્યા રમેશ, આગલા અવસરે તો તે મને કંકોતરી મોકલી હતી, પણ આ વખતે તું મને ભૂલી ગયો છે કે પછી કંકોતરી ટપાલમાં ક્યાંક ગૂમ થઈ ગઈ છે?'

'ટપાલની ગફલત નથી, પણ પહેલા અવસરમાં તારી પાસેથી જે શિખવા મળ્યું એનું આ પરિણામ છે.' સ્પષ્ટ વ્યક્તા રમેશે કહી નાખ્યું.

આવીતો ઘણી વાતો તમને સાંભળવા મળી હશે જ, પણ આ અંગે દરેકે પોતાની સગવડ- અગવડનો વિચાર છોડીને સામાવાળાનો જો વિચાર કરે તો લગ્ન પ્રસંગે સોનામાં સુગંધ જરુંર ભળે. એટલે જ, આ અંગે કેટલીક વાતો કે જે આપણા સમાજમાં બની રહી છે એને વીણી વીણીને અહિ મૂકી છે જેથી સૌ એને વાંચી વિચારીને સમજે ને અમલમાં મૂકીને આવા અવસરમાં અભિવૃધ્ધિ લાવે.

૦ કેટલાક તો કંકોતરી સમયસર ખોલતા જ નથી. જે ખોલે છે એ હજુ ઘણો સમય છે કરીને એના પ્રત્યુત્તરને પાછો ધકેલી મૂકે છે ને એ કંકોતરી એમના કામના બીજા કાગળો નીચે દબાઈ જતાં પ્રત્યુત્તર આપવાનો સમય વહી જાય છે.પરિણામે યજમાનને ફોન કરીને એમને જગાડવા પડે છે. એ કરતાં કંકોતરી ખોલીને જવું છે કે નથી જવાનો નિર્ણય સામેની વ્યકિતનો ખ્યાલ કરીને કરવામાં આવેતો કેવું સારૂં. જો કોઈ અમેરિકનના લગ્ન અવસરમાં જવાનું હોય તો જવું છે કે નથી જવાનો નિર્ણય તુરતજ લેવાય છે, પણ દેશીના અવસરમાં જવા ન જવાના નિર્ણય કરવામાં ન જાણે આળસ આપણામાં ક્યાંથી આવી ઘૂસી જાય છે.

૦ કંકોતરીમાં બે જ વ્યકિતને આમંત્રણ જો મળ્યું હોય તો એ ચેકીને ચાર કે છ લખીને પ્રત્યુત્તર આપતાં વધારાની વ્યકિતઓની વ્યવસ્થાનો સામાવાળાનો વિચાર કરજો. જો બધા જ આમ કરવા લાગે તો અવ્યવસ્થા જ ઊભી થવાની છે.

૦ કેટલા 'ગેસ્ટ' આવશે એનો અર્થ એ નથી કે તમારી સાથે તમારા બહાર ગામના સગાઓ કે મિત્રોને એ દિવસે સમાવી લેવાની વાત છે. તમને અને તમારા પરિવારને 'ગેસ્ટ' તરીકે ગણવામાં આવ્યા છે. લગ્નસમારંભ, રીસેપ્શન, રાસ-ગરબા વગેરે આઈટેમ્પની સામે પરિવારની સંખ્યા લખવાની હોય છે જેથી સામાવાળાને કુલ સંખ્યાની ખબર પડે ને એ પ્રમાણે ચા-નાસ્તાની વ્યવસ્થા કરી શકાય.

૦ પ્રસંગના ત્રણથી ચાર દિવસ અગાઉ જો ન જવાની પરિસ્થિતિ ઊભી થાય તો સામાવાળાને જણાવી દેવું ખૂબ મહત્વનું છે. તેવી જ રીતે ન જવાનું જણાવ્યા પછી અવસરના દિવસે સહકુટુંબ હાજર થઈ જવું પણ શોભાસ્પદ તો નથી જ. આમ કરવાથી ખાતર ઉપર દિવેલની જેમ સામાવાળાને વ્યકિતદીઠ ડોલર ૭૦ના ( સારી હોટલમાં) કે ડોલર ૨૫ના (સામાન્ય હોલમાં) ખાડામાં ઉતારી દઈએ છીએ એનો ખ્યાલ સ્વઘેર અવસર આવ્યા પછી જ આવે છે. ૧૫ કે ૨૦નો ચાંલ્લો કરતાં આપણે કેટલોયે વિચાર કરીએ છીએ,પણ સામાવાળાને ખોટા ખર્ચાના ખાડામાં ઉતારી દેતાં વિચાર કરતા નથી.

૦ જોઈતી હકિકત ટપકાવ્યા વિના ને તમારું નામ-ઠામ લખ્યા વગર ઉતાવળમાં પરત કરેલા 'આરએસવીપી'ના કાર્ડનો અર્થ સરતો નથી એ સમજવું જરુંરી છે.

સંખ્યા ને સગવડને કારણે બધાને બધી જ 'આઈટેમ્પ'માં બોલાવી શકાતા નથી. તમારી પડખેના બધા મિત્રોને લગ્ન ને રીસેપ્શન બંનેમાં બોલાવ્યા હોય ને તમને એક જ 'આઈટેમ્પ'માં બોલાવ્યા હોય એ જાણી દુઃખી થવાની જરુંર ખરી? પહેલા અવસર પછી સામાવાળાના સગાસબંધીઓની સંખ્યા પણ વધી  છે એટલે કાપતો એમને કરવો જ  પડેશે એનો જો વિચાર કરશો તો તમારું દુઃખ જરુંર ઓછું થઈ જશે.

લગ્નપ્રસંગે સમયસર પહોચવું, પ્રસંગોનુસાર કપડા  પહેરવા, બોક્સ ગીફટ ન લાવવાનું લખેલા સામે આંખ આડા કાન કરવા વગેરેની વાત આજે નથી કરવી. સાથે સાથે આ બધી બાબતોમાં વાતો કરવાથી આ પ્રથામાં ફેરફાર આવે એવું મને તો લાગતું નથી. એટલે જ, સુરેશને આ અંગે કંઈક નવું જ કરવાનો વિચાર આવ્યો.

કંકોતરીઓ મોકલવાનું ને રીસેપ્શનની વ્યવસ્થાનું કામ એણે એક અમેરિકન કંપનીને સાંપી દીધું.

આ  અમેરિકન કંપનીએ કંકોતરીના પેકેજની સાથે એક પત્ર મૂકીને આપેલા લિસ્ટની યાદી પ્રમાણે સૌને ટપાલમાં કંકોતરીઓ રવાના કરી.

કંકોતરી ખોલતાં સૌને પત્ર જોઈ નવાઈ જરુંર લાગી એટલે જ સૌએ પત્રને પ્રથમ વાંચ્યો.

શ્રીમાન/શ્રીમતિ,

અમને જણાવતાં આનંદ થાય છે કે લગ્નના 'રીસેપ્શન'ની વ્યવસ્થાનું કામ અમારી કંપનીને સાંપવામાં આવ્યું છે (આજ સુધી આ વ્યવસ્થાનું કામ આપ મેળે જ થતું આવ્યું છે!). આ પ્રસંગનો સૌને સારી રીતે સુખાનંદનો લાભ મળે એ માટે નીચે ટપકાવેલા થોડાક નિયમો પાળવાના આપના સહકારની અમે અપેક્ષા રાખીએ છીએ.

૧. 'આરએસવીપી'નું કાર્ડ જણાવેલ સમયમાં જો અમને નહિ મળેતો અમે માની લઈશું કે આપ આવી શકો એમ નથી. આ અંગે અમારા તરફથી ફોનના સંર્પકની અપેક્ષા રાખતા નહિ. સાથે સાથે નક્કી કરેલ આમંત્રિત સંખ્યામાં ફેરફાર ન કરવા અને જરુંરી હકિકતો પેનથી ટપકાવવા માટે ખાસ વિનંતિ કરવામાં આવે છે.

૨. બોક્સ ગીફ્ટ નહિ લાવવાના અમારા સૂચનને વળગી રહેવા વિનંતિ. તેમ છતાં, બોક્સ ગીફ્ટ લઈ આવનારને બોક્સ ગીફ્ટને બારણાની બહાર મૂકીને જ પ્રવેશ મળશે. બોક્સ ગીફ્ટ ચોરાઈ જવાની જવાબદારી અમારી માથે રહેશે નહિ.

૩. અવસરને યોગ્ય પોશાક પહેરવાની વિનંતિ. ઠીશર્ટ ને જીનનેતો અમે ચલાવી નહિ લઈએ એની ખાસ નોંધ લેશો

૪. પોગ્રામ 'ઈન્ડીઅન' ટાઈમ પ્રમાણે નહિ, પણ અમેરિકન ટાઈમ પ્રમાણે શરું થશે એની ખાસ નોંધ લેવા વિનંતિ. આ કારણે, ૧૫ મિનિટથી વધારે માંડા પડનારને પ્રવેશ મળશે નહિ (આ ૧૫ મિનિટને અમે ધીરે ધીરે ૦ મિનિટ પર લાવીશું).

૫. 'આરએસવીપી'થી જાણ કર્યા પછી કોઈ કારણે જો ન પધારવાનું થાય તો મોડામાં મોડા પ્રસંગના પાંચ દિવસ અગાઉ ખબર આપનારને કદર પેટે ઘેર બેઠાં ગીફ્ટ મોકલાવીશું. ખબર નહિ આપનારને (ખાલી પડેલી ખુરશી પરથી) વળતર માટે વિનંતિનો પત્ર પણ પહોચાડીશું .

૬. 'આરએસવીપી'થી જણાવેલ વ્યક્તિ કરતાં વધારે વ્યક્તિને પ્રવેશ મળશે નહિ અને સીટીગની વ્યવસ્થામાં છેલ્લી ઘડીએ કોઈ ફેરફાર કરવામાં નહિ આવે એની ખાસ નોધ લેશો. અમારી સીટીગની વ્યવસ્થામાં ખુરશીઓને આપમેળે અદરો અંદર આઘાપાછી કરનારને અટકાવતાં અમે અચકાઈશું નહિ.

૭. નાના બાળકોને પ્રવેશ મળશે નહિ એ નોંધ વાંચવી ન રહી જાય.

આ કંપની જો કોઈ ઈન્ડીઅનની હોત તો ઘણા બધાએ ઉપર જણાવેલી કેટલીક બાબતો તરફ આંખ આડા કાન કર્યા હોત, પણ અમેરિકન કંપનીનું નામ આવતાં ઘણાબધાએ ઉપરની હકિકતોને ન્યાય આપ્યો. કેટલાક તો ઉપરની બાબતો વાંચી મનોમન હસ્યા ને એમની દેશી ટેવોને અમેરિકામાં રહીને પણ છોડવા તૈયાર નો'તા ! એટલે જ મનોમન એ બબડ્યા; 'એ તો થઈ પડશે. બંદા કંઈ બદલાવવાના નથી !'

પોગ્રામનો સહુંને પ્રથમ વાર સારો અનુભવ થયો  અને એની ચર્ચાઓ પોગ્રામમાંથી છૂટા પડતાં પડતાં અંદરો અંદર સૌએ કરી.

બીજે દિવસે આ સારા પોગ્રામની વાતો બીજાઓને પણ સાંભળવા મળી. સાથે સાથે પોગ્રામમાં મોડા પડનારને પાછા જવું પડ્યું, છોકરાઓને લઈ આવનારને અપમાનિત થવું પડ્યું, બોક્સ ગીફ્ટ લઈ આવનારની મુરાદો પાર ન પડી વગેરે વાતો પણ વિઘ્નસંતોષીઓએ અંદરો અંદર ફોન કરીને ભેળવી હતી.

મિત્રોને ત્યાં જમવા ભેગા થનારમાં, મંદિરોના મહાપ્રસાદ માણતા મિત્રોમાં, સાંજનું ભજન પતાવી રસોડાની રસોઈમાં મદદ માટે ઉભરાયેલી નારી ગણમાં ને સ્મશાનની ક્રિયામાંથી છૂટા પડતા ટાળાઓમાં રમેશના આ પગલાની સારી નરસી વાતો થોડા દિવસ તો થઈ. ગામને મોંએ ગરણું  થોડું બંધાય છે !

ગમેતેમ, રમેશે પાડેલા ચીલે ચડનારની સંખ્યા આ શહેરમાં ધીરે ધીરે વધવા માંડી એટલું જ નહિ, પણ એ પ્રથા બીજા શહેરોમાં પ્રવેશવી શરું થઈ ગઈ હતી !!

ફૂલવાડી ⇒

## રાંડ્યા પહેલાંનું ડહાપણ !

ચીમન પટેલ 'ચમન'

રાંડ્યા પછીતો બધી જ બહેનોને આપો આપ ડહાપણ આવી જ જાય છે, પણ એ ડહાપણ આંખોના આંસુ ખૂટી જાય એવું રડાવનારું, અનેક વેદનાઓથી તનને તોડનારું, અને રાત-દિ મૂંઝવણમાં મનને મારી નાખનારું નિવડે છે!

પરણેત બધી બહેનોને એક દિવસ આ પરિસ્થિતિમાંથી પસાર થવાનું છે એ જાણીને પણ, પૂર્વતૈયારીરૂપ, પોતાની જાતને તૈયાર કરવા કેટલીક વ્યહવારિક વાતો, પતિની હયાતીમાં શીખી લેવાની ઘણી બહેનોની

તૈયાર નથી હોતી; પતિઓના પૂરા પ્રયત્નો પછી પણ! અચાનક, 'હાર્ટએટેક'થી નજીકની કોઈ સખીના પતિનું મૃત્યું થયું હોય, અને એ મૃત દેહને નજીકથી નિહાળ્યું હોય, અને એ સખીના દર્દ અને દુઃખનો અહેસાસ કર્યો હોય, અને હૂફ આપતાં આપતાં આંખોમાંથી ઘણા આંસુ સરી પડ્યા હોય, છતાં એમાંથી બહેનોની અંદરની આંખો ખૂલતી નથી ! સ્મશાન વૈરાગ્યની જેમ બધું થોડા સમય પછી સમી પણ જાય છે.

'આપણને આવું કયાં થવાનું છે? હું તો ભગવાનને રોજ પ્રાર્થના કરું કે હે ભગવાન, તું મને એમની પહેલાં બોલાવી લેજે !' આવું વિચારતી બહેનોને આ ડહાપણ આવા લેખોથી પણ આવશે કે કેમ ?!

આ વ્યહવારિક વાતો એટલી અઘળી પણ નથી કે બહેનો એને શીખી ન શકે. દા.ત. પરદેશમાં ડ્રાઈવીગ શીખવું કેટલું જરુંરી છે એ સહું સારી રીતે જાણે જ છે, પણ જે બહેનોએ આજ સુધી ડ્રાઈવીગ શીખવાનું વિચાર્યું પણ નથી, કે એકવાર પ્રયત્ન કરી પડતું મૂક્યું છે એમને મારે જગાડવા છે. ધારો કે ભગવાને તમારી પ્રાર્થના ન સાંભળી અને એમને વહેલા બોલાવી લે તો...તમારી પાસે સારામાંની ગાડી તો હશે, પણ ચલાવશે કોણ? કોણ કેટલા દિવસ 'ગ્રોસરી' લાવી આપશે કે તમને લઈ જશે? ગાડી શીખવાનો વિચાર ત્યારે જરુંર આવશે, પણ પરાયા પુરુષને પાસે બેસાડીને ડ્રાઈવીગ શીખતાં આપણા જ મિત્રો કેવી કેવી વાતો કરશે એનો વિચાર પણ કરવો પડશે. જેમ મરનારનો આત્મા આપણી આજુબાજુ દસ દિવસ રહે છે તેમ આપણા સગા-વહાલા અને મિત્રો પણ દસ જ દિવસ આપણી પાસે રહી મદદ રૂપ થશે. બહાર ગામના અને ગામના સગા-સબંધી અને મિત્રો તમને વધારે મદદરૂપ થવા તૈયાર હશે, પણ એ બધા ઘર લઈને બેઠેલા છે એનો વિચાર અત્યારથી કરી, પગભેળ થવાની તાકાત ભેગી કરવામાં જ ડહાપણ છે.

એવી રીતે, જે બહેનો નોકરી કરતી નથી અને એમના એ નોકરી કરે છે એ બહેનોએ પતિના કામામાં હાથ લંબાવીને એમનો 'સ્ટ્રેસ' ઓછો કરાવી, એમના હાર્ટને નબળું પડતું અટકાવવું એ પણ એમના જ હિતની વાત છે. 'એ છેને' કરીને ઘણી બહેનો નાના નાના કામ પણ કરતી નથી કે કરવા તૈયાર નથી! પતિ સામેથી શીખવવા તૈયાર હોય ત્યારે, 'તમે છોને પછી મારે શીખવાની શી જરુંર છે ?!' કહી, નવા કામને આઘું ઠેલતી હોય છે. પૂર્વતૈયારીરૂપ જો પતિ એમ કહે, 'હું નહિ હોઉ ત્યારે...' ત્યારે, બહેનો એમના મોં પર હાથ મૂકી કહેવાની, 'એવું ના બોલતા હોય તો..!' બહેનોની આ પ્રકારની વર્તણૂકને આપણે એમની નબળાઈ સમજવી કે એમને ઘરકામમાંથી નવરાશ મળતી નથી એટલે એમને સમયનો સવાલ મૂઝવે છે? કદાચ, એમને થતું હશે કે એ મગજમારી કોણ કરે! એ કરતાં, ટેલિફોન પર બહેનપણીઓ સાથે ગામ-ગપાટા ના મારે ! એ બહેનોને ખબર નહિ હોય કે, ગામ-ગપાટા મારવામાં આપણી આ જીભ ક્યારેક એવી તો હાલી જાય છે કે, એ ફાયદા કરાવવાને બદલે નુકશાન જ કરાવી જાય છે! એ કરતાં, પતિપાસેથી ધીરે ધીરે પોતાને લાભદાયક થઈ પડે એવું શીખી લઈ, ભાવિના ભાથાના ડબ્બા અત્યારથી ભરવા ઘણા સારા નથી લાગતા?

શરુંઆત કરવા માટે ચેક લખવાનું કામ સૌથી સરળ છે. એ પણ એટલા રાજી થઈ જશે કે એ ખુશાલીની ખુશ્બુ તમે એકલા જ માણી શકશો! મહિનાની અંતે 'સ્ટેટમેન્ટ' આવે ત્યારે એને 'બેલેન્સ' કરતાં પહેલી વાર માથું જરુંર દુખશે, પણ પતિના પડખે એને સહી લેવાશે અને શીખી પણ લેવાશે. પતિના ગયા પછી, જો આ કામ શીખવાનું આવશે તો એ માથું લાંબા સમય સુધી દુખવાનું અને એની ઉપર 'એસ્પ્રીન' કે 'બફરીન'ની અસર નથી થવાની ! 'ચેકબુક'નું કામ શીખવાથી એ પણ જાણવા મળશે કે એકની આવકમાંથી ખર્ચાના ખાડા કેટલા ઊંડા ખોદાઈ જાય છે! સાથે સાથે, પતિરાજો પૈસાની બાબતમં તમને કેમ ટાઈટ લાગે છે એની જાણકારી આપોઆપ થઈ જશે. એકવાર, આમાં રસ કેળવાશે પછી તમને આપોઆપ એમની પાસેથી નવું નવું જાણવાનું મન થશે. વીમાની પૉલીસીઓ, બેન્કના ખાતાઓ, પરસેવાના પૈસાઓનું રોકાણ, અંદર એદરની લેવડ-દેવડ, કોઈ સંસ્થા કે મંદિરોમાં કરેલા 'કમીટમેન્ટસ', એમણે 'વીલ' કર્યું છે કે નહિ, જો કર્યું હોય તો એ કયાં મૂક્યું છે એ, અને એને એકવાર વાંચીને અંદરની હકિકતોથી અત્યારેજ, એમની હાજરીમાં, વાકેફ થવું, રહેવું એ ધર્મપત્નીઓના હિતની વાત છે. મંદિરો માટે અને મોરારીબાપુ માટે જો બહેનોને વખત

મળતો હોય તો ઘરમંદિર માટે અને ઘરના મુખિયા માટે વખત કાઢી, આ બધું શીખી લઈ, પાણી પહેલાં પાળ તમારે જ બાંધવી પડશે. પગ નીચે આવ્યા પછી તો આખી જિંદગી પસ્તાવવાનું છે, શેકાવવાનું છે, અને આંસુ ખૂટી જાય એટલું રડવાનું છે!!

આ બધુ જો ન કરી શકાય તો એમને 'સ્ટ્રેસ' પહોચે એવું કામ, જાણ્યે અજાણ્યે પણ ન કરો તો એ ડહાપણની વાત થઈ ગણાશે. એમાંયે જો તમારા પતિને વંશીય હૃદયની બિમારી હોય તો, તમારે એમને 'સ્ટ્રેસ' પહોચે નહિ એ માટે વધારે ધ્યાન આપીને, એમની જિંદગીનો દોર લંબાવીને, મગજમારી વાળા કામો માથે વહેલા ન પડી જાય એ માટે તમારે જ સજાગ બનવું પડશે, રહેવું પડશે.

આ અંગે, સુમન અને સપનાની વાત જરા સાંભળી લઈએ. કોઈને કામ આવશે.

સુમનને અડધા લાખ ડોલરના 'લેક'પરના ઘરમાં રહેવા જવામાં હજુ બેએક વર્ષ પણ પૂરા થયા ન હતા, અને એને એક દિવસ ઊંઘમાં જબરદસ્ત 'હાર્ટએટેક' આવતાં, એનું પ્રાણપંખેરું, આ મોઘેરું મકાન અને સુંદર સોસાયટીનું સુખ માણવા ન રોકાણું !!

સુમનના મૃત્યુંના દુઃખદ સમાચારની સાથે સાથે એના અચાનક મૃત્યુંના કારણો તપાસતા મિત્રો અંદર અંદર વાતો કરવા લાગ્યા; 'એમના કુટુંબના ઘણા આ રીતે 'હાર્ટએટેક'થી ગુજરી ગયા છે.' ..'એને નોકરીમાં કામ-કાજનો બહુ 'સ્ટ્રેસ' પડતો હતો'…'બાયપાસની સર્જરી પછી આવું મોઘું ઘર એને ના લેવું જોઈએ!' વગેરે વગેરે. ગામના મોંએ ગરણું ઓછું બંધાય છે !

સુમનની પત્ની સપનાને હવે સમજાઈ રહ્યું હતું કે સુમનનો 'સ્ટ્રેસ' વધારવામાં એણે જાણે- અજાણે કેવો ભાગ ભજવ્યો હતો!

સુમનના નજીકના મિત્રો, જૂના ઘરો વેચીને, નવી નવી ડીઝાઈના ઘરોમાં રહેવા ગયા ત્યારથી, સપનાને પણ નવા ઘરના વસવાટની વાચા સુમન આગળ ફૂટવા લાગી. આ અંગે બંનેની વચમાં ચર્ચાઓ થતી, સંવાદો થતા અને 'કૂતરો તાણે ગામ ભણી અને શિયાળ તાણે સીમ ભણી'ની જેમ એમની વચ્ચે ખેચા ખેચી પણ થતી. સુમન રીટાયર્ડ થવાના દિવસો ગણતો હતો એટલે એને નવા ખર્ચાના ખાડા ખોદવા નો'તા! બચતમાંથી બાકીની જિંદગી 'સ્ટ્રેસ' વગર એને ગુજારવી હતી. સપનાને આ બધુ શાંન્તીથી સમજાવ્યા પછી એ થોડા સમય માટે શાંત તો થઈ, પણ જ્યારે જ્યારે એને એના મિત્રોના નવા ઘેર જવાનું થાય ત્યારે ત્યારે, મિત્ર-પત્નીઓ પાસેથી નવા ઘરના વસવાટ માટેનું પ્રેરણાનું પાણી વણ માગ્યું પિવા મળતું અને એનું મન પંખી પાછું નવા ઘરના વસવાટ માટે પાંખો ફફડાવવા લાગતું!

હારેલો જુગારી બમણું રમે એમ, સપનાએ રમત શરું કરી. એક દિવસ, સુમનની સોડમાં સરી, ખભા પર હાથ મૂકતાં એ બોલી; 'નવા ઘરનો વિચાર મેં હવે માંડી વાળ્યો છે.' સુમન તો આ સાંભળીને ચકિત જ થઈ ગયો! એ આનંદમાં, સપનાને નજીક ખેચતાં સુમને પૂછ્યું; 'સાચે જ..!' સુમનની આંખોમાં આંખ મીલાવી સપના બોલી; 'હા, સાચે જ..'! એ આનંદનો લ્હાવો લેવા, બંનેના ઓષ્ઠો આગળ વાત કરતા ઘડીભર માટે અટકી ગયા!

ઓષ્ઠાસ્વાદ કરાવી સપનાએ વાચા ખોલી. ત્રીસ વર્ષ જુના રસોડાના કેબીનેટને કલર કરી રસોડામાં વધારે ઉજાસ ઊભો કરવાની, જૂના કાઉન્ટરને કાઢીને ગ્રેનાઈટના કાઉન્ટર નંખાવવાની, બેઠકરૂમની લાકડાની પેનલની દિવાલ તોડીને આધુનિક 'શીટરોક'ની દિવાલ ઊભી કરી એને આંખને ગમે એવા રંગથી રંગાવવાની, જૂની કારપેટને કાઢીને આરસપાનના આધુનિક ટાઈલ્સ નંખાવવાની, ડાઈનીગરૂમમાં

‘વુડફ્લોર’કરાવવાની વગેરે વગેરેની હૈયા વરાળ, તક ઝડપી, સપનાએ સુમન આગળ કાઢી. આ રીતે પણ જો નવા ઘરની ઉપાધી ટાળી શકાતી હોય તો, જૂના ઘરમાં થોડા પૈસા નાખી, સપનાની સાથે સંમત થવાનું સુમનને પણ વ્યવહારિક લાગ્યું. સુમને સંમતિ આપતાં કહ્યું; ‘આ બધુ કરાવી આપવા હું તૈયાર છું. ’ એ સાંભળી સપના સુમનને વળગી જ પડી!

બીજા અઠવાડિયે, સુમને કોન્ટ્રાકટરોને ફોન કરી ખર્ચનો અંદાજ કઢાવ્યો તો એ આંકડો ત્રીસ હજાર ડોલર પર આવીને ઊભો રહી ગયો ! સુમન મનોમન વિચારવા લાગ્યોઃ ‘આટલા બધા પૈસા જૂના ઘરમાં નાખીને ઘરની કિંમત એ પ્રમાણમાં વધવાની તો નથી, એ કરતાં એ પૈસા નવા ઘરમાં રોકવા વધારે સારા ! આમેય, આ સોસાયટી અને ઘરો જૂના પણ થઈ ગયા છે, અને સોસાયટીની આજુબાજુની આજસુધી ખુલ્લી પડી રહેલી જમીન પર ‘એપાર્ટમેન્ટ’ અને ‘કોમર્શીઅલ’ ઈમારતો ઊભી થઈ ગઈ છે. જેને કારણે, આ ઘરોની કિંમત ભવિષ્યમાં વધે એવું લાગતું નથી! જૂના રહેવાસીઓ ઘર વેચી વેચી નવા ઘરોમાં દૂર દૂર કેમ રહેવા ગયા હશે એ એને હવે સમજાવવા લાગ્યું હતું. સપનાને તો નવા ઘરમાં જ ‘મુવ’ થવું હતું, પણ એ જ અંદરથી તૈયાર નો’તો ! નવા ઘરમાં ‘મુવ’ થતાં સપના પણ ખુશ થશે અને એ ખુશીમાં નવા ઘરમાં રીટાયર્ડ થઈને રહેવાની પણ મજા પડશે.’ સુમને સપનાને આ વાત કરી. સપનાતો ખુશી ખુશી થઈ ગઈ !!

પાંચેક મહિનામાં, અડધા લાખના, ‘વોટર ફ્રન્ટ’વાળા, આધુનિક ઘરમાં, જૂના મિત્રોની નજીક રહેવા પણ આવી ગયા.

નવા ઘરમાં પેલું જૂનું ફર્નિચર, સોનાની થાળીમાં લોઢાના મેખની જેમ, સપનાને ખૂચવા લાગ્યું. ઘેર આવતી જતી બહેનપણીઓ પણ આ અંગે ટકોર કરતાં કહેતી; ‘અલી, તારું આ જૂનું ફર્નિચર નવા ઘર સાથે નથી જતું!’ દર્દીને ભાવતું’તું ને વૈદે કહ્યું ! જૂનું ફર્નિચર બદલવાના સપનાના વિચારોને પ્રોત્સાહન મળતાં એનો પણ અમલ થઈ ગયો. બાવાની લંગોટીની જેમ, નવા ઘરને વધારે શોભાવવા માટે સપનાની ખરીદી જેમ વધતી ગઈ એમ, સપનાની ખરીદીના બીલો જોઈ સુમનના હૃદયના ધબકારા પણ વધતા ગયા!!

નવા ઘરના ખર્ચા જોઈ રીટાયર્ડ થવાના સુમનના સ્વપ્નો હવે આઘા ને આઘા ઠેલાતા ગયા! ઓફિસના કામના સ્ટ્રેસની સાથે સાથે નવા ઘરના ખર્ચાનો સ્ટ્રેસ ઉમેરાતાં, સુમન અંદર અંદર શેકાઈ રહ્યો હતો. સુમન પાછો ઓછું બોલો હતો એટલે એના મનની વરાળ ન તો સપના આગળ નિકળતી કે કોઈ ખાસ એક-બે મિત્રો આગળ! પરિણામે, એક રાતે, અંદરના એ દબાણમાં એનું દિલ સદાને માટે દબાઈ ગયું !! સગા-સબંઘી અને મિત્રવૃદમાં શોકનું વાદળ ફરી વળ્યું ! સપના ઉપર તો જાણે આકાશ તૂટી પડ્યું ના હોય એવું લાગતું હતું !! અઠવાડિયામાં જ એની ઉંમર વધી ગઈ હોય એવું જોનારને લાગતું !

સગા-સબંધીઓ વિખરાયા પછી,ઘરની નાની મોટી જવાબદારી સપના પર એકદમ આવી પડી! મોટા ઘરમાં એકલી એકલી મૂઝાવવા લાગી. સુમનના ફોટા પર નજર પડતાં, એ ગહન વિચારોમાં ધક્કેલાઈ જતી, અને વિચારોના વંટોળમાં સપડાઈ, ગુંગળાતી, એ વિચારતી..‘ એમના વિના આ અડધા લાખના ઘરને મારે શું કરવાનું ?! નવું ઘર લેવા માટે હું જ આદુ ખાઈ એમની પાછળ પડી હતી!.. એમનો આગ્રહ હોવા છતાં પણ હું એમની પાસેથી શિખવા જેવું ન શિખી! અત્યારે, બધુ મારા માથે આવી પડ્યું છે, પૈસાની બાબતોમાં શિખવા, જાણવા મારે એમના જ મિત્રો પાસે દોડવું પડે છે! આ બધુ, જો મેં એમની પાસેથી શિખ્યું હોત તો, અત્યારે મને કેટલું કામ આવત. એમનું કામ ઓછું કરાવીને એમનો સ્ટ્રેસ પણ હું ઓછો કરાવી શકી હોત. હું મૂર્ખી, એકલી એકલી, મારા જ સ્વપનોના મહેલ ચણતી રહી! સપનાને આ ડહાપણ સુમનની હયાતીમાં જો આવ્યું હોતતો ?!

સંધ્યા અને રવિના જીવનમાં પણ જરા ડોકિયું કરી લઈએ...એ પણ કોઈને કામ આવશે !

સવાર પડ્યું નથી ને સંધ્યા રવિ સાથે ઝગડી ન હોય એવું આજ સુધી બન્યું નથી! ઝગડા થાય ત્યારે રવિ સંધ્યાને કાયમ કહેતો હોય; 'તારે મારી સાથે ઝગડવું હોય તો કોઈ મોટો મુદ્દો પકડ. નાની નાની બાબતોમાં શું કામ ઝગડે છે? ઘરકામમાં તને હું મદદ ન કરતો હોઉ, છોકરાઓના 'હોમવર્ક'માં મદદરૂપ ન થતો હોઉ, પાન પરાગ ખાતો હોઉ, ખૂબ 'ડ્રીન્ક' કરતો હોઉ, યાર્ડનું કામ બહાર કરાવી લેતો હોઉ, ચારિત્રની બાબતમાં મારો પગ લપસ્યો હોય વગેરે વગેરે માટે તું ઝગડતી હોય તો લેખે ગણાય! '

ઉનાળામાં ગામમાં જેટલા સાધુ-સંતો આવે એને સાંભળવા સંધ્યાને જવું હોય અને રવિને ન જવું હોય એમાં એમની વચ્ચે તકરાર ઊભી થઈ જાય! રવિ સંધ્યાને કહેતો હોય; '..તને સાધુ-સંતોને સાંભળવા ગમે છે ને જો હું તને રોકતો હોઉ તો તું મને કહી શકે છે. તું ગાડી તો ચલાવે છે પછી મને સાથે લઈ જવાનો શા માટે આગ્રહ રાખે છે?' જવાબ આપતાં સંધ્યા કે'તી હોય; 'મને એકલીને જવું નથી ગમતું..બધા પછી પૂછવા લાગે છે કે તમે મારી સાથે કેમ નથી!'

'..એટલે લોકોની ચિંતા કરી, મારી ચિંતાઓમાં તું વધારો કરે છે એ તને દેખાય છે?'

ગામના પાંચ સાત મંદિરોના અને હોલમાંના અન્નકૂટમાં સંધ્યાને જવા જોઈએ. ત્યારે, રવિથી કહેવાઈ જવાય;'એક જ મંદિરમાં જઈને ભગવાનના દર્શન અને અન્નકૂટનો લાભ ન લેવાય તે તું બધા મંદિરમાં જઈને મોઘા ભાવનો ગાડીનો ગેસ બાળે છે ! મંદિરની મૂર્તિઓમાં પ્રાણપ્રતિષ્ઠા કરી પ્રાણ મૂકવામાં આવે છે ત્યાં, અન્નકૂટના દર્શન બરોબર છે, પણ હોલમાં ભગવાનના ફોટાઓ ભેગા કરીને અન્નકૂટ ભરવા પાછળનો મહિમા મને સમજાતો નથી ને તું ત્યાં પણ દોડી જાય છે!'

'તું આવો નાસ્તિક ઘરમાં ક્યાંથી પાક્યો. બધાની ટીકા કરવામાં તને બહું આનંદ આવતો લાગે છે!' પછી, અરસપરસ વાક્બાણો જોરથી છૂટે અને બંને ઘવાતા જાય !!

એકવાર સંધ્યા મોરારી બાપુની કથા સાંભળવા અઠવાડિયું ગઈ હશે અને એક દિવસ રવિએ એને પૂછ્યું; 'આજની કથામાંથી નવું શું જાણવા મળ્યું એ તું મને એક-બે વાક્યમાં કહીશ?' જવાબમાં સંધ્યાએ કહ્યું; 'એવું બધું યાદ ન રહે મને, પણ બાપુએ બધાને આજ બહું હસાવ્યા એની વાત સાંભળવી હોય તો કહું.' રવિ ત્યારે કહેતો; 'આમ એની એ કથા સાંભળીને કશું યાદ તો રહેતું નથી એ કરતાં એટલો વખત ઘેર રહી કે મંદિર જઈ ભગવાનની માળા કરો તો વધારે પૂણ્ય ભેગું કરી શકાય.' આમ, બંનેના વિચાર ભેદનો ભડકો ઘરમાં થાય અને બંનેના દિલ દાઝી પણ જાય !

મિત્રપત્નીઓ 'વેકેશન' પર જઈ આવી વેકેશનની જે વાતો કહે એ સાંભળી, મનમાં સંઘરી, સંધ્યા તક ઝડપી રવિને કહેતી;'તારા બધા મિત્રો દર વર્ષે વેકેશન લઈ ઘરના બધાને ફરવા લઈ જાય છે અને તું એકલો વેકેશન ભેગું કરીને કરીને એના પૈસા બનાવી બેંકમાં મૂકે છે !..નથી તું ક્યાંય ફરવા જતો કે નથી છોકરાઓને અને મને ક્યાંય ફરવા મોકલતો !!..'રવિ આ સાંભળી અંદરથી ખૂબ ઉકળાતો, અને આજ સુધી 'વીઝીટ' કરેલા સ્થળોને યાદ કરાવવા સંધ્યાની સ્મૃતિને ખોતરવાનું મન થઈ જતું, પણ ગુસ્સામાં સંધ્યાની સ્મૃતિને વધારે ખોતરી જવાય એ ભયે પોતાની જાતને સંભાળી લઈ, 'વીઝીટ' કરેલા સ્થળોને યાદ કરતો કરતો એજ એમાં ખોવાઈ જતો.

સંધ્યાને બહાર ફરવા લઈ જવામાં એ ક્યાં ક્યાં ફર્યો છે એને યાદ કરતો; કેલેફોરનીમાં'ડીઝનીલેન્ડ',ફ્લોરીડામાં 'ડીઝનીવર્લ્ડ'સેન્ડીઓગોમાં'સફારી',લાસવેગાસની લાઈટો, 'ગાન્ડકેન્યોન'નો 'ગ્રાઉન્ડ' વિસ્તાર, 'સેન્ટલુઈસ'ની 'આર્ચ', ટેક્સાસના 'સીક્સ ફ્લેગ'ની રાઈડો, 'સેન્ટ

એન્ટોનીઓ'ની નદી વિહાર, 'સેન મારકસ'ની ગુફાઓની ગુપ્તાઓ, 'હવાઈ'ની હવા, અને 'વોશીગટન'માં 'કેપીટલ', 'મોન્યુમેન્ટ' વગેરે વગેરે અમેરિકાના જોવા લાયક સ્થળોમાં મેં શું બાકી રાખ્યું છે!

અમેરિકાની બહાર, નાયગરાનો ધોધ, 'ટોરોન્ટો'નો ટાવર, બેન્કકૉગ'માં બુદ્ધના સોનાના બાવલા, હૉન્કકૉગ અને સીન્ગાપુરનું શોપીગ, ઈન્ડોનેશીઆના 'બાલી' ટાપુની મુલાકાત, અલાસ્કાની અગિયાર દિવસની આગબોટની મુસાફરી, મેક્સીકોના 'કોઝુમલ' ટાપુનો નાનો નૌકા વિહાર પણ કરાવ્યો છતાંયે સંધ્યાને એમ જ છે કે હું એને ક્યાંય ફરવા લઈ જતો જ નથી !! એની સખીઓ પણ આટલું ફરી નહિ હોય !' આ બધુ એણે સંધ્યાને જ્યારે જ્યારે યાદ કરાવ્યું છે ત્યારે ત્યારે ઘરમાં ઝગડા જ થયા છે. વાક્બાણો જ્યારે એકજ જગ્યા પર વાગ્યા કરે ત્યારે એ વેદનાના ઘા ઊંડા ઉતરતા જાય છે!

સંધ્યાના ઘણા સગાઓ આ શહેરમાં છે અને સંધ્યા એ સગાઓના કામોમાં ઘરનું કામ પડતું મૂકી મદદે દોડી જાય છે, પણ જ્યારે સંધ્યા સાજી-માંદી હોય ત્યારે એ સગાઓ ડોકાતા પણ નથી! ફોન ઉપર જ સંધ્યાની ખબર અંતર પૂછી લે છે! રવિ, સંધ્યાની આંખ ખોલવા આ અંગે કંઈક ટકોર કરે ત્યારે બંને વચ્ચે તણખા ખરે છે અને બંને ઉદાસ થઈ ઘરમાં બોલ્યા વગર ક્યાંય સુધી બેસી રહે છે.

શોપીગ કરતાં રવિ સંધ્યા સાથે વાત કરવાની શરુંઆત કરે કે સંધ્યા એને ટકોર કરતી કહેતી હોય; 'જરા ધીરેથી બોલતા હોય તો.. કોઈ સાંભળે તો કેવું લાગે..'

રવિ ખીજાતાં કહેતો હોય; 'અહિ તારા કોઈ સગાઓ છે કે એ સાંભળી જશે એની ચિંતા તારે કરવી પડે છે...તું કાયમ લોકોની ચિંતા કરે છે, પણ મને ટોકીને, અટકાવીને, મને કેવું લાગશે એની ચિંતા તું કોઈ દિ કરે છે ?' એ વિવાદ પછી બંને મોં ચડાવી શોપીગ કરી લે અને ઘેર આવી થોડું ઝગડી પણ લે !

રવિ ફોન ઉપર મિત્રો સાથે મજાક કરતો હોય ત્યારે પણ સંધ્યા વચમાં કૂદી પડી કહેતી હોય;'એ ને એ વાતો કરીને સામાવાળાનું માથું શું કામ તમે દુખાડો છો?' રવિ ફોન મૂકતાં ગરમ થઈ સંધ્યાને કહેતો હોય; 'સામાવાળા મારા કોઈ સગા નથી કે મારે કેટલી અને કેવી વાતો કરવી જોઈએ. તારી સાથે તો મારે સાવધાની રાખી બોલવું પડે છે અને ગમ્મતમાં પણ તને કંઈ કહેવાતું નથી. મિત્રો સાથે થોડી મજાક કરું છું એ પણ તારી આંખમાં ખૂચે છે !'

મિત્રોને ઘેર જમવા બોલાવ્યા હોય ત્યારે રવિ ગમ્મત કરી એમને હસાવતો હોય ત્યારે સંધ્યા વચમાં કૂદી પડી રવિનો ઉધડો લેતી કહેતી હોય; 'રવિ, તું શું બોલે છે એની ખબર પડે છે?' રવિની ત્યાં જ બ્રેક વાગી જતી અને મિત્રોને ખબર પડી જતી કે રવિ કેમ ચૂપ થઈ ગયો ! રવિ મનોમન બળતો રહેતો, સળગતો રહેતો!

એમના ચાલીસ વર્ષના દાપંત્ય જીવનમાં લોકો શું કહેશે એની ચિંતા સંધ્યાએ ખૂબ કરી છે અને રવિ પાસે પણ કરાવી છે. પરિણામે, એને પણ એક દિવસ ઊંઘમાં ભારે હાર્ટએટેક આવ્યો અને ચિંરજીવ શાંતીની ચાદર એણે પણ ઓઢી લીધી!

એકાદ વર્ષમાં સંધ્યાને સમજાઈ ગયું કે લોકોની ચિંતા કરી કરી એ રવિ સાથે આટલા વર્ષો ઝગડી, પણ લોકો એના કામમાં તો આવ્યા નહિ! રવિની વાતો એણે એક કાનથી સાંભળીને બીજા કાનેથી બહાર કાઢી પણ અંદર ઊતારી નહિ એનું દુખ, રવિને યાદ કરી કરીને આસુઓ વાટે એકલી એકલી આજે એ વહાવે છે! રવિ હતો ત્યારે સખીઓના વરો સાથે સરખામણી કરતાં એને થતું; 'આની સાથે મારા ક્યાં પનારા પડ્યા?!' રવિ નથી ત્યારે સંધ્યાને સમજાય છે કે સખીઓના વરો કરતાં રવિ કેટલો સારો હતો.

સંધ્યાનું આ ડહાપણ રવિની હયાતિમાં આવ્યું હોત તો એ બંને માટે કેટલું સુખાકારી નિવડત.

જે બહેનો આ પરિસ્થિતિમાંથી પસાર થઈ ચૂકી છે એને મળો અને એમને શાંતિથી સાંભળો અને સમજો તો ઘણું મળી આવશે.

ઘેર ઘેર માટીના(ગેસના,ઈલેક્ટ્રીકના) ચુલા છે એટલે એ સળગવાના તો છે, પણ એ આપણને બાળી ન જાય એ જોવામાં જ ડહાપણ છૂપાયેલું છે !

ફૂલવાડી ⇒

## દર્દ દિલવાલો કી પાસ હી આયેગા !!

ચીમન પટેલ 'ચમન'

ખાવું કે ન ખાવું ?....પીવું કે ન પીવું નો સવાલ સૌને એનકેન પ્રકારે સતાવવા લાગ્યો  છે !

આ ખીચડી ખાવાની કે કઢી પીવાની વાત નથી. જોઇને જ જીભ પર  પાણી છૂટે એવી મનગમતી, રંગ-બેરંગી, યાદ પણ ન રહે એવા નામોવાળી વિવિધ વાનગીઓ આરોગવાની આ વાત છે. ગપ્પા મારતાં મારતાં ગરમા ગરમ ગોટા ને મરચાંના ભજીયાં ખાવાની આ વાત છે. જમતી વખતે સ્નેહીજનોના અતી આગ્રહથી મોમાં મૂકાયેલી મીઠાઇ ગળે ઉતારી જવાની આ વાત છે.ઈન્ટરવલમાં સમોસા અને ભેળ ખાવાની આ વાત છે. પાણીની જેમ સ્કોચ, બરબન, વીસ્કી કે બીઅર પીવાની આ વાત છે. એક પ્યાલી ચડાવ્યા પછી બીજી, અને ત્રીજી પ્યાલીના  આગ્રહમાં ખેચાવવાની આ વાત છે. જીવવા માટે ખાવાની આ વાત નથી, પણ ખાવા માટે જીવવાની આ વાત છે. પરસેવો પાડ્યા પછી પાણી પીવાની આ વાત નથી, પણ ઍરકન્ડિશન્ડની શિતળતામાં શરીરમાં  ગરમી લાવે એવા પીણા પીવાની આ વાત છે.

દિવાળી આવે અને ત્યાર પછી આવે 'થેક્સ ગીવીગ' ને પાછળ પાછળ આવે પાછી નાતાલ. વળી, વચમાં આવી જાય 'મધર્સડે', 'ફાધર્સડે' અને આપણા કેટલાક ભોજન ભર્યા ધાર્મિક તહેવારો, કોઈની સીલ્વર એનીવર્સરી, સત્યનારાયણની કથા ને ગૃહપ્રવેશ, બેબી 'શાવર' ને જન્મદિનો, અને અંગત મિત્રોને ત્યાંના વાર્ષિક ખાવા-પીવાના પ્રસંગો. આ બધા દિવસોમાં ખાવા ને પીવાનું ખૂબ મળે એટલે પરાણે ખવાઈ જવાય છે, પીવાઈ જવાય છે. નાતાલના દિવસોમાં ઓફિસોમાં પરદેશીઓ એમના દેશની, પ્રાન્તની વિવિધ વાનગીઓ ખાસ પ્રસંદ કરી કરી ઘેરથી બનાવીને લાવે છે. વાનગીઓની એટલી બધી વિવિધતાઓ હોય અને વર્ષમાં એક વાર મફતમાં ખાવા મળે ત્યારે ડાયાબિટીસની, કોલેસ્ટ્રોલની ને વધતા જતા પેટની ચિંતા છોડી દબાવી દબાવીને ખાઇ લઇએ છીએ. દિવાળીના દિવસોમાં પણ ધર્મપત્ની અને મિત્ર-પત્નીઓના હાથે હોશથી બનાવેલી, મોમાં પાણી લાવે એવી વિવિધ વાનગીઓને, પ્રસંશા કર્યા વગર (મીઠાઈના સ્વાદમાં તરબોળ બની ગયેલી જીભલડી કયાંથી બોલે!), ન્યાય આપીએ છીએ; રોગો સામે ઘડીભર આંખ આડા કાન કરીને!

મક્કમ મનવાળાઓ કે જેને ભાવી રોગોની બીક છે અને રાખે છે, એવા લોકો એક દિવસ આ બધી ચીજોથી દૂર રહેવા જાય, પણ બીજા જ દિવસે કે બીજા અઠવાડિયે બીજાને ખાતા જોઈ એમનું મક્કમ મન પણ પલળી જાય છે, અને બધાની સાથે લાઈનમાં આવી જાય છે. એમને મનમાં થતું હશે કે ક્યાં સુધી મનની ઈચ્છાઓને પરાણે માર્યા કરવાની! મરવાની તારીખ તો કોઈ બદલી શકવાનું નથી. એ વાત સાચી, પણ મરતાં સુધી શારીરિક મુસીબતોનો માર એકલા એકલા ખાવો પડે, અને આ સ્થિતિમાં  આજના છોકરાઓ અને વહુઓ આપણી સંભાળ ઘેર લેવાને બદલે જો ઘરડાના ઘરમાં લેવાનું રાખે તો એનો વિચાર કરી શારીરિક

સુખાકારી માટે કંઈક તો જાતે જ કરવું પડશે; જેમ આપ મૂઆ સિવાય સ્વર્ગે(કે નરકે) નથી જવાતું. આપણી જીભના સ્વાદિષ્ઠ સ્વાર્થમાં અત્યારે તો સપડાઈ જઈશું, પણ પાછળથી એ આપણને બહું ભારે પડી જશે કે જ્યારે આપણા હાથ-પગ, કાન ને આંખો આપણી ઈચ્છા પ્રમાણે વર્તવા તૈયાર નહિ હોય. પાણી પહેલાં પાર બાંધવાની આ વાત છે!

દિવાળીના દિવસોમાં સામેથી ફોન કરી તમને ખાસ યાદ કરીને, બેસવા બોલાવ્યા હોય અને તમારી આગળ ચાની સાથે ડીસો ભરી ભરીને મઠિયા, ફાફડા, જલેબી, ફરસી પુરી, કાજુની કતરી, ઘુઘરા, વગેરે પીરસ્યા હોય ત્યારે સામાવાળાને ખોટું ન લાગે માટે દરેક ચીજને ન્યાય આપી ખાવી પડે છે. આ વખતે તંદુરસ્તીનો જો વિચાર કરીએ તો લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ને મોં ધોવા જવા જેવું થાય. એ વખતે ગળ્યું ઝાપટવા માટે (ડાયાબિટીસવાળાને ) ઘેર જઈ ધર્મપત્ની દબડાવે તો એનું દુઃખ ગોળીઓ સાથે ગળી જવું, પણ પેટની પુકારને પટકારાવી નહિ જોઈએ. જીભને ખુશ રાખવામાં પત્ની બે ઘડી માટે નાખુશ થાય એ ચલાવી લેવાશે, પણ જીભ જો નાખુશ થઈ ને દાંત વચ્ચે જો આવી ગઈ, તો થોડા દિવસો માટે ખાવાની મોટી ઉપાધી આવી જાય એનો વિચાર ચતુર પુરુષોએ પહેલેથી જ કરવો જોઈએ !

ભારતમાં હતા ત્યારે તો આર્થિક પરિસ્થિતિને કારણે ખાવા પીવામાં આપો આપ કાપ મૂકાઈ ગયેલો. વાનગીઓની એ ભૂખ અમેરિકાના પૌષ્ઠિક ને પોસાય એવા વાતાવરણમાં પોકાર કરે, અને તમે એ પોકારને ન સાંભળો એ બરાબર નથી! ભૂતકાળમાં ભોગ આપ્યો છે એટલે જ અત્યારે એ આપણને મળી રહે છે. ભૂતકાળમાં ખૂબ દુઃખ સહન કર્યું છે એટલે સુખનો છાંયડો આપણને અહિ મળ્યો છે! મરચાં ખાધાં છે એટલે મિઠાઈ મળે છે! કૂવાના પાણી લાંબા સમય સુધી પીધાં છે એટલે બોટલના મન પ્રસંદપાણી વગર લાયસન્સે મળે છે !

શાસ્ત્રોમાં કહ્યું છે કે જેનો જન્મ છે એનું મરણ પણ નક્કી જ છે. તો પછી, મરણની ચિંતા કરી કરીને મનને મારવું ન જોઈએ; ખાસ કરીને ખાવાની અને પીવાની બાબતમાં, અને તે પણ, બીજાને ત્યાં કે કોઈના અવસરમાં! ઘેર ધર્મપત્ની આપણા માટે, આજકાલ, મિઠાઈ બનાવે નહિ અને જો મહેમાનો માટે બનાવી હોય તો આપણને પૂરતી ખાવા પણ ન દે! બીજાને ત્યાં, ધર્મપત્ની આડે આવે નહિ અને અવસર વખતે એ સખીઓ સાથે ગામ ગપાટા મારવામાં આપણાથી આઘી હોય એટલે આપણું કામ થઈ જાય! મનુષ્ય જન્મ એક જ વાર મળવાનો છે (ભગવાનના સાચા ભક્તોની વાત અલગ છે!), અને આવી વાનગીઓ અને પીણા પણ આ જન્મમાં જ મળવાના છે. બીજી યોનીમાં જન્મ લઈને જો ઘાસ અને કચરો જ ખાવાના હોય તો પેટની પૂજા અને જીભની સેવા કરી, ખાવાનું અને પીવાનું અહિ જ પતાવી દેવું જોઈએ એવું મને લાગે છે !

નાના હતા ત્યારે પણ આ બધુ ખાવા ન મળ્યું. ભણતી વખતે બહું ખાવાથી ઊંઘ આવી જાય એટલે પૂરતું ન ખાધું. પરણ્યાના પ્રથમ વર્ષોમાં પત્નીએ પ્યારથી અને આગ્રહથી મોંમાં મૂકીને ખૂબ ખવડાવ્યું. મિત્રો સાથે તણાઈને ખાવા-પીવા માંડ્યું અને હવે પેટ પણ વધવા માંડ્યું છે. સાથે સાથે, રોગો પણ માળા માન ન માન મૈ તેરા મહેમાન બની પધારી જાય છે.

વાંચીને કે મિત્રો પાસેથી સાંભળીને જે સમજાતું નથી એ અનુભવ કરવાથી સરળ રીતે સમજાય છે. ડાયાબિટીસ થાય ત્યારે ખાંડ ઓછી કરવાનું આપો આપ સમજાય છે. કોલેસ્ટ્રોલ વધી જાય ત્યારે કોરી રોટલી ગળે ઉતરે છે અને સમોસા કે ગોટાની ગરજ પડતી નથી. પાણીનો રેલો પગ નીચે જેને આવ્યો છે એની આંખ ખૂલી ગઈ છે. એક વાર આ આંખ ખૂલી એટલે તમે પકડાયા સંયમના સાણસામાં અને પૂરાઈ ગયા પીડાના પિંજરમાં. ખાવા-પીવામાં સંયમ રાખનાર શરીરે સુખી રહે છે અને એને પીડાના પિંજરમાં પૂરાવું પડતું નથી!

અમારા એક મિત્રને ખાવાનો ખૂબ જ શોખ છે. ચોસલા જોઈને એમનું ચિત્ત ચકડોળે ચડે છે, અને મન પરનો કાબૂ ગુમાવીને, લાઈનમાં ઊભા ઊભા એક ચોસલું તો ચાખવાને બહાને પેટમાં સરકાવી દેતા હોય છે. બધા ભલે ભાણામાં મિઠાઈનું એક ચોસલું સંયમ રાખી લેતા હોય,પણ આ બંદા તો બે-ત્રણ ઉપાડી લે! ખાતાં ખાતાં પિરસનારના આગ્રહમાં આવી એકાદ મોમાં મૂકાવે એ તો જુદું! જમ્યા પછી સિન્કમાં થાળી મૂકતાં મૂકતાં એકાદ તો એ જરુંર મુખમાં મૂકી દે. ડોક્ટરે એમને ડાયાબિટીસના દર્દી જાહેર કર્યા છે ત્યારથી, ચોસલા ખાવામાં એ નરમ જરુંર પડ્યા છે.

બીજા એક મિત્રને ખાવા કરતાં પીવાનો ભારે શોખ છે. એ પાણી તો પીતા જ નથી! કૉક કે સ્પ્રાઇટને એ પીણામાં ગણતા નથી! 'હાર્ડ ડ્રીન્ક' લીધા વગર એમને જમવાની રુચી જ પેદા થતી નથી! રસોઈમાં મરચું-મીઠું ઓછું હોય તો એ ચલાવી લે છે, પણ પીવા ન મળે તો એમનો મૂડ માર્યો જાય છે. જ્યાં 'હાર્ડ ડ્રીન્ક' મળવાનું ન હોય ત્યાં એ ઘેરથી લઈને જ જાય છે. 'ચેકઅપ'માં ડૉક્ટરે એમના લીવરની કરુણ કહાની સંભળાવી છે ત્યારથી એ ઢીલા પડી ગયા છે. પીણામાં એ હવે પાણીનો જ આગ્રહ રાખે છે.

ત્રીજા એક મિત્રની વાત પણ જાણવા જેવી છે. ખાવાના શોખને કારણે એમનું પેટ ખુબ જ વધી ગયું છે. એ ઉભા હોય તો એમના પગના આંગળા એ પોતે જોઈ ન શકે! એમને કસરત કરવાનું કહી કહીને એમના પત્ની દૂબળા પડી ગયા છે, પણ ભાઈને પેટનું પાણી હાલતું નથી. બરડાનો 'પ્રોબલેબ' એવો તો એમને થયો કે ઓપરેશન કરાવ્યા સિવાય છૂટકો જ નો'તો. ખર્ચાના ખાડામાં ઉતરીને એમને આપો આપ ઘણું સમજાઈ ગયું છે. એ હવે નિયમિત ચાલવા જાય છે અને ખાવા-પીવામાં એમણે ઘણો કાપ મુક્યો છે. ધર્મપત્નીનું એ હવે સાંભળે છે. પરિણામે, એમની પત્નીનું શરીર વધવા માંડ્યું છે!

અમારા આ ચોથા મિત્રને મરચાનો ભારે શોખ છે. જમવા બેસતાંની સાથે જ એ યજમાનને પૂછેઃ 'મરચાં બરચાં છે કે નહિ?' એમને એ પણ વિચાર ન આવે કે યજમાને પૂછાય કે નહિ, કે એમની પાસે હશે કે નહિ? એકવાર, આથેલાં મરચાં નિકળ્યાં એટલે એની ઉપર એમનો મારો શરું. અલસરના કારણે એમનો મરચાનો મોહ હવે મરી પરવાર્યો છે.

અમારા આ પાંચમા મિત્ર 'ચેક-અપ' માટે ડૉક્ટર પાસે ગયા ને જ્યારે ડૉક્ટરે એમને તાત્કાલિક 'બાયપાસ' કરાવવાનું કહ્યું, ત્યારે એમના પર જાણે આભ જ તૂટી પડ્યું ! આખી જિંદગી કોઈ પ્રકારની પીડા ભોગવી ન હોય અને એકાએક આવી મોટી પીડા આવી પડે ત્યારે, મન ઘડીભર ગુંગળાઈ જાય છે. ગરમા ગરમ રોટલી પર ઘીનો પથારો ન હોય તો એ રોટલી ખાવાની મજા ન પડે. 'લૉ ફેટ' દૂધ એ કંઈ દૂધ છે! સમોસા કે ગોટા વગરનું ભાણું ભાણું ન ગણાય. આવા એમના વિચારોમાં, મનની પાઈપો તો એમણે ખુલ્લી મૂકી, પણ તનની પાઈપો ધીરે ધીરે 'ફેટ'થી પૂરાવા લાગી! પરિણામે, વધતી જતી બાઈપાસોના કેસોમાં એમણે એકનો ઉમેરો કર્યો. એમનો હવેનો આહાર આપણને પણ ન ગમે એવો બની ગયો છે, પણ એમને એ હાંસે હાંસે ચલાવવો પડે છે. આ રીતે, ખાવા-પીવામાં એમને એકદમ બ્રેક મારવી પડી એ કરતાં ધીમે ધીમે બ્રેક મારી હોત તો બાયપાસમાંથી કદાચ બચી પણ ગયા હોત!

જે ધર્મપત્નીઓ એમના પતિરાજોને ખાવા-પીવામાં રોકવાના મહાપ્રયત્નો કરી ચૂકી છે એમને હવે નિરાશ થયા વગર કોઈ નવો માર્ગ ખોળી કાઢવાનો છે. હવે તમે તમારા એમને એમની રીતે ખાવા દો, પીવા દો અને બનેતો તમે એમને આગ્રહ કરી કરીને ખવડાવો અને પીવડાવો. જૂઓ પછી, એ સામે ચડીને તમને કહેશે, 'તું તો મને ખાવા દેતી નો'તી, પીવા દેતી નો'તી અને હવે તું જ ખાવામાં અને પીવામાં દબાણ કરે છે!' વગેરે વગેરે તમારે મૌન રાખી બસ સાંભળવાનું. આનું પરિણામ એ આવશે કે તમારી ઉપર એમને દયા આવશે અને એમની વર્તણૂકમાં આપો આપ જોઈતો ફેરફાર આવી જશે.

જો, એમાં પણ સફળતા ન મળે તો એક બીજો રસ્તો પણ છે. માંસ નહિ ખાવાની શિખામણોની અસર સાંભળનાર પર અસરકારક નિવડતી નથી, પણ જો એમને કતલખાનાની એકાદ મુલાકાત કરાવવામાં આવે તો ઘણા બધા માંસ ખાવાનું આપો આપ છોડી દે. એમ, જે વાનગીઓ તમારે છોડાવવી હોય એ અંગે આવું કંઈક કરવાનું રહેશે. દા.ત. સમોસા તરતી વખતે તમારે તમારા એને સમોસા કેમ તળાય છે એ જોવા રસોડામાં બોલાવવા કે ખેંચી લાવવા. તલાવના છિછરા પાણીમાં જેમ ભેંસ જઈ બેસી જાય અને નિકળવાનું નામ ન લે એમ, તાવડીના તેલના તળાવમાં બેઠું બેઠું સમોસુ કેટલું તેલ પી જાય છે, એ એમને પ્રત્યક્ષ જોવા મળશે તો એમનો સમોસા પ્રત્યેનો મોહ જરુંર ઘટશે. એવી જ રીતે મિઠાઈમાં કેટલી ખાંડ વપરાય જાય છે, એ તમારા એને પડખે રાખી બતાવશો તો એમનો મિઠાઈનો મોહ પણ મંદ પડવા લાગશે. કૉક ઘણો પીવાય છે, પણ કૉકના એક ડબલામાં કેટલી ખાંડ પીવાઈ જવાય છે એની જાણકારી કોઈ કરાવતું નથી. એટલે, કૉકના ડબલાં ઘરમાંથી ઘટવા નથી.

રોગને પણ ખાવાનો અને પીવાનો ચસકો ઘણો છે. એને પણ જીભના સ્વાદ ઘણા છે. એટલે જ, એને ખાવાના અને પીવાના શોખીનો સાથે સારું ફાવતું લાગે છે. રોગ એકવાર ઘર કરી જાય પછી નિકળવાનું નામ લેતું નથી. કોઈ નિયમિત કસરત કરે, પ્રાણાયામ કરે કે યોગ કરે એ એને બિલકુલ પસંદ નથી. કસરત રોગ ને કાઢવા મથે એ રોગને ગમતું નથી, ને રોગ,માન ન માન મૈ તેરા મહેમાન બની શરીરમાં બેસી રહે એ કસરતને ગમતું નથી. રોગને ખબર છે કે ઘણી વ્યકિતઓને કસરત કરવી ગમતી નથી એટલે એને એ બાહ્ય બળો સામે તાકાત બતાવવાના પ્રસંગો ઊભા થયા નથી. આ બધાને કારણે રોગ શરીરમાં પડ્યો પાથર્યો રહી, એની સીમા વધારતો રહે છે.

રોગની ચિંતા કર્યા વગર ભાવતું ખાવું અને પીવું એ દિલવાલોનું કામ છે. એ માટે એમની પાસે જિગર છે. એવા દિલવાળાઓ પાસે રોગોને જવું ખૂબ જ ગમે છે! જીવવા માટે ખાનારા પાસે રોગને જવું ગમતું નથી, એટલે જ, એ ખાવા માટે જીવનારને છોડતો નથી અને એની સોડમાં સંતાઈને ફૂલ્યો ફાલ્યો રહી, ધીમે ધીમે એના પગ શરીરમાં પહોળા કરતો જાય છે, કે જેની ખબર આ દિલવાલોને પડવા દેતો નથી ! દિલવાળાઓ પાસે એટલે જ દર્દ જતું હશે અને એકવાર એમની પાસે પહોંચી ગયા પછી જલ્દી ખસતું નહિ હોય !!

ફૂલવાડી ⇒